DIET
GIR SOMNATH

GCERT – ગાંધીનગર પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – ગીર સોમનાથ

આયોજિત

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૩-૨૪

## 6 થી 8 ડિસેમ્બર ૨૦૨૩

# શિક્ષણમાં નાવિન્ય

EDUCATION



INNOVATION






ડો. એમ.વાય.વ્યાસ
ડી.આઈ.સી.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

વી.એમ.પંપાણિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ગીર સોમનાથ

# તાલુકાવાર રજૂ થયેલ ઇનોવેશન

કોડીનાર – 10
પ્રાથમિક – 8
માધ્યમિક – 1
ઉચ્ચ. માધ્યમિક - 1

વેરાવળ - 10
પ્રાથમિક –8
માધ્યમિક – 1
બી.એડ - 1

સુત્રાપાડા – 4
પ્રાથમિક – 3
માધ્યમિક – 1

ગીર ગઢડા - 12
પ્રાથમિક – 12

તાલાળા - 4
પ્રાથમિક – 4

ઉના - 5
પ્રાથમિક – 4
માધ્યમિક – 1

# પ્રસ્તાવના

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો દ્વારા કરવામાં આવેલ ઇનોવેશન કૃતિઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા થઈ રહ્યું છે. જી.સી.ઇ.આર.ટી. દ્વારા સમગ્ર ગુજરાતમાં ડાયેટના માધ્યમથી આવા શિક્ષકોને શોધી તેઓને પોતાના ઇનોવેશન રજૂ કરવાની તક આપવાનું પ્રસંશનીય કામ થઇ રહ્યું છે. ગીર સોમનાથ જિલ્લાના આવા શિક્ષકોના ઇનોવેશનને રજૂ કરવા માટે ૨૦૨૩-૨૪માં **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત** ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન થઇ રહ્યું છે.

જિલ્લા કક્ષાના વર્ષ ૨૦૨૩-૨૪ ના આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં ગીર સોમનાથ જિલ્લાના કુલ ૨૪ ઈનોવેશન જેમાં પ્રાથમિક શાળાના ૧૮ અને માધ્યમિક/ઉ.મા. શાળાના ૬ ઇનોવેટીવ શિક્ષકો પોતાના ઇનોવેશન પ્રસ્તુત કરશે. આ મોડ્યુલમાં આ તમામ ઇનોવેટીવ શિક્ષકોના નવાચારની બાબતો રજૂ કરવામાં આવી છે. આ મોડ્યુલ થકી વાચકોને શિક્ષણમાં નાવિન્યપૂર્ણ બાબતોની જાણકારી મળી રહેશે તથા શિક્ષકોને તેમના કાર્યક્ષેત્રમાં આવતા અવરોધક પરિબળો દૂર કરવામાં મદદરુપ થશે તેવી ચોક્કસ આશા સાથે આ પુસ્તક આપની સામે રજૂ કરતા અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તમારા મૂલ્યવાન સૂચનો જે તે નવાચાર કરનાર શિક્ષકશ્રીને આપી શકો તે માટે તેમની સંપૂર્ણ વિગતો પણ આપવામાં આવેલ છે. તેમજ રચનાત્મક બાબતોને અમે સહર્ષ આવકારીએ છીએ.

ગીર સોમનાથ જિલ્લામાં ઇનોવેશનની કામગીરી ડૉ. મીરાબેન વ્યાસ, લેકચરર – ડી.આઈ.સી. ડાયેટ, જૂનાગઢ સંભાળી રહ્યા છે. તેઓએ ઇનોવેશન કરનાર શિક્ષકોને ફિલ્ડમાંથી શોધી પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. આ સમગ્ર કાર્યમાં તેમનો સિંહફાળો છે તેથી તેમને ધન્યવાદ આપુ છું. રાજ્યકક્ષાએથી ઇનોવેશન ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે તેવા ગીર સોમનાથના કે. આર. પી. શ્રી નિતિનભાઈ મોરી પણ સક્રિય રહી ખૂબ જ સુંદર કામગીરી સંભાળી રહ્યા છે તે બન્નેને ધન્યવાદ આપુ છું.

વી.એમ.પંપાણિયા
પ્રાચાર્ય
ડાયેટ ગીર સોમનાથ

| જિલ્લાશિક્ષણઅનેતાલીમભવન-ગીર સોમનાથ | | | | | |
|---|---|---|---|---|---|
| **Innovation Festival – 2023 - 24** | | | | | |
| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશન | શાળાનું નામ | તાલુકો | વિભાગ |
| ૧ | સંજયભાઇ રમણીકલાલ મહેતા | મગજ કસો | શ્રી પિછવા પ્રાથમિક શાળા | ગીર ગઢડા | પ્રાથમિક |
| ૨ | ભુવા નીતિનભાઈ વિજયભાઈ | લાઈબ્રેરી-પ્રાર્થના સૉફ્ટવેર | શ્રી કોઠારીયા પ્રા.શાળા | ગીર ગઢડા | પ્રાથમિક |
| 3 | ગોહિલ વિક્રમભાઈ ગાંગજીભાઇ | LEARN ENGLISH WITH FUN | શ્રી નવા ઉગલા પ્રાથમિક શાળા | ગીર ગઢડા | પ્રાથમિક |
| ૪ | દાહિમા ગીતાબેન એન. | માઈન્ડ ગેમ | શ્રી કોડીનાર કન્યા પે સેન્ટર શાળા | કોડીનાર | પ્રાથમિક |
| ૫ | ગાધે ભગવાનભાઈ જેસાભાઈ | સપ્તરંગી બાલવાટિક | શ્રી સાંઢણીધાર પ્રાથમિક શાળા | કોડીનાર | પ્રાથમિક |
| ૬ | વાઢેળ નરેન્દ્રભાઇ બી. | ડિજિટલ લર્નિંગ દ્વારા સા.વિ.નું સરળીકરણ | શ્રી વિઠ્ઠલપુર પ્રાથમિક શાળા | કોડીનાર | પ્રાથમિક |
| ૭ | કાછેલા કનકસિંહ મોહનભાઇ | FLN અંતર્ગત પ્રવૃતિ શિક્ષણ | શ્રી મુસ્લિમ વિસ્તાર પ્રા શાળા | સુત્રાપાડા | પ્રાથમિક |
| ૮ | કકુભા ભાવસંગભાઇ રાઠોડ | દિન વિશેષ | શ્રી ચગિયા પ્રા. શાળા | સુત્રાપાડા | પ્રાથમિક |
| ૯ | વાઢેળ વિરેન સી. | S H C (SCHOOL HEALTHCARE CENTER) | શ્રી રામેશ્વર સીમ પ્રા શાળા સોળાજ | સુત્રાપાડા | પ્રાથમિક |
| ૧૦ | દાનાભાઇ કે.સોલંકી | Student Bank of Sangodra(digital bank) | શ્રી સાંગોદ્રા પ્રાથમિક શાળા | તાલાળા | પ્રાથમિક |
| ૧૧ | હેતલબેન વિજયકુમાર સોંદરવા | Easy Tricks and Techniques to Learn English | શ્રી ભોજદે પ્રા શાળા | તાલાળા | માધ્યમિક |
| ૧૨ | નીતાબેન આર વંશ | રમતા રમતા આગળ વધીએ. | શ્રી ગાભા પ્રાથમિક શાળા | તાલાળા | પ્રાથમિક |
| ૧૩ | ખીમોરિયા શીતલબેન એમ. | "એક કદમ શિક્ષા કી ઓર" | પે સેન્ટર શાળા નં.-૨, ઊના | ઉના | પ્રાથમિક |
| ૧૪ | ઝાલા નિતાબેન કરશનભાઇ | "શાળાના દફતરો" | શ્રી રામનગર પ્રાથમિક શાળા | ઉના | પ્રાથમિક |
| ૧૫ | ડાભી અર્જુનભાઈ બાબુભાઈ | આતો મને આવડે છે ! | શ્રી ખડા પ્રાથમિક શાળા | ઉના | પ્રાથમિક |
| ૧૬ | સંદિપભાઈ જે.સોલંકી | સત્રાંત કસોટી પ્રેક્ટિસ પેપર | બી.આર.સી.ભવન-વેરાવળ | વેરાવળ | |
| ૧૭ | ટાંક કપિલાબેન હિરાલાલ | અનોખી ભેટ | ડારી પ્રાથમિક શાળા | વેરાવળ | પ્રાથમિક |
| ૧૮ | કરંગિયા મણીબેન અરજણભાઇ | સ્વરચિત બાળગીતો, કાવ્યોના સથવારે શિક્ષણ | શ્રી દેદા પ્રાથમિક શાળા | વેરાવળ | પ્રાથમિક |

| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશન | શાળાનું નામ | તાલુકો | વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧૯ | પરમાર સોનલબેન પ્રતાપભાઇ | સ્ત્રી પુરૂષની અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ | મ્યુ.ગર્લ્સ હાઇસ્કૂલ,કોડીનાર | કોડીનાર | ઉ.મા. |
| ૨૦ | રામસિંહભાઈ બારડ | લોકભાગીદારી દ્વારા શાળા વિકાસ | શ્રી માધ્યમિક શાળા પેઢાવાડા | કોડીનાર | માધ્યમિક |
| ૨૧ | જગદીશભાઇ ડી. પટાટ | ગમ્મત સાથે ગણિત | સરકારી મોડેલ સ્કુલ ગોરખમઢી | સુત્રાપાડા | માધ્યમિક |
| ૨૨ | ઉપાધ્યાય રાહુલ એન. | સુચારુ શાળા સંચાલન માટે સમિતિ | શ્રી સરસ્વતી વિદ્યા મંદિર-સુપાસી | વેરાવળ | માધ્યમિક |
| ૨૩ | ડો. સી.એમ.જોષી | INVENTION & INVENTOR | સ.વ.પ્ર અધ્યાપન મંદિર | વેરાવળ | બી.એડ. |
| ૨૪ | ભારતીબેન કાળુભાઇ જાદવ | INTERACTIVE QUIZ | મોડેલ સ્કૂલ –ખાપટ | ઉના | માધ્યમિક |

1


- ઇનોવેટરનું નામ:-મહેતા સંજય કુમાર રમણીક્લાલ
- શાળાનું નામ:- શ્રી પીછવા પ્રાથમિક શાળા
  તાલુકો :-ગીરગઢડા, જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-૯૮૨૫૯૨૩૨૫૩




## મગજ કસો

ગીર સોમનાંથ જિલ્લાની ગીરગઢડા તાલુકાનાં છેવાડાનાં ગામડામા કે જે ગામનાં મોટા ભાગનાં લોકો મજુરી કરી ગુજરાન ચલાવે છે.એવા ગામમા આવેલ શાળા શ્રી પીછવા પ્રાથમિક શાળામાં સંજયભાઇ રમણીક્લાલ મહેતા ધોરણ 1 થી 5મા શિક્ષક તરીકે ફરજ બજાવે છે.તેઓ જોડાયા ત્યારથી જ સિક્ષણને સરળ અને અસરકારક બનાંવવા પ્રયત્ન કરતા હતા.બાળકોમાં ગુજરાતી ભાષાની સાથે સાથે અંગ્રેજી વિષયમાં પણ રસ રુચિ વધે તેવા તેમનાં સતત પ્રયત્નો કરતા હતા .

વર્ગકાર્યની સાથે સાથે ઓફિસકાર્ય પણ કરતાં કરતાં સંજયભાઈની ગેરહાજરીમાં પણ બાળકો વર્ગમાં જાતે જ ગમ્મત સાથે જ્ઞાન મળે એ હેતુ સાથે બાળકોની કક્ષા મુજબની અવનવી રમતો તૈયાર કરી જેનાંથી બાળકો એટલા પ્રભાવિત થયા કે બાળકો જાતે જ રમત રમે છે . તેમજ સહપાઠીને પણ મદદ કરે છે . આ નવતર પ્રયોગ શરૂ કર્યો એ પહેલા બાળકો સાહેબની ગેરહાજરીમાં તોફાન ,શોરબકોર , વર્ગની બહાર બીનજરૂરી નીકળી જવું , અંદરો અંદર લડાઇ કરવી તેમજ ઘણાંખરાં બાળકો અનિયમીત પણ રહેતા હતા . ત્યારે આ બાળકોને એમની રસ રુચિ મુજબનુ શિક્ષણ આપીને કે રીતે શાળામાં નિયમિત કરવા અને શિક્ષણમાં પારંગત કરવા એ જરા સંજયભાઈ માટે પડકાર હતો . વર્ગમાં બાળકોને ગુજરાતી ભાષામાં પણ ઘણી ખરી તકલીફો પડતી હતી. ત્યારે ગણિત જેવા વિષયોમાં પણ બાળકોને રસ લેતા કરવા એ પ્રાણ પ્રશ્ન  જરૂર હતો . પણ સંજયભાઇ મહેતા માટે અશક્ય નહોતું ત્યારે આ વિષયને કઇંક અલગ રીતે બાળકો સુધી પહોચાડવા માટે વિચાર્યું અને તે માટે તેમને બાળકોની અનુરૂપ અને રસ રુચિ મુજબ પ્રવૃતિ અને રમતનાં માધ્યમથી ગમ્મત સાથે જ્ઞાન બાળકો સુધી પહોચતું કરવાનું શુભ કાર્ય શરૂ કર્યું . શરૂઆતમાં ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો . પરંતુ ધીમે ધીમે તેમને સફળતા મળવા લાગી . અને સંજયભાઈએ પણ આ બાબતે થોડું વધારે રમત અને અવનવી પ્રવૃતિઓ એક પછી એક બાળકોને આપવા લાગ્યા .

વર્ગની દીવાલો પર બાળકોની ઊંચાઈ મુજબ લગભગ તમામ શૈક્ષણિક મુદ્દા આવરી લેતા ચાર્ટ અને ચિત્રો લગાવી બાળકોની રુચિ મુજબ બાળક જાતે શીખે એ બાબતને વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું. તેમજ બાળકોમાં રસ જળવાઈ રહે એ હેતુસર અવનવી પ્રવૃતિઓની પણ ભરમાર કરી દીધી .જેનાંથી બાળકો પાયાની બાબતનાં શિક્ષણને ગમ્મત સાથે સહજતાથી શીખવા લાગ્યા.

2





- ઇનોવેટરનું નામ:- ભુવા નિતિનભાઈ વિજયભાઈ
- શાળાનું નામ:- શ્રી કોઠારીયા પ્રાથમિક શાળા
  તાલુકો :- ગીરગઢડા , જીલ્લો :- ગીરસોમનાંથ
- મોબાઈલ નંબર :- 9427387616



## લાઈબ્રેરી અને પ્રાર્થનાંની સોફ્ટ ડેટા એન્ટ્રી


નમસ્તે, ગીર સોમનાંથ જિલ્લા નાં ગીરગઢડા તાલુકાનાં નેસ વિસ્તારની શાળા એટલે કોઠારીયા પ્રા.શાળા. આ નેસમાં આજથી લગભગ સાત વર્ષ પહેલા કોઠારીયા પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 5માં ભુવા નિતિનભાઈ વિજયભાઈ નામનાં એક શિક્ષક તારીખ 14.06.2017 નાં રોજ આ શાળામાં દાખલ થાય છે. ભુવા નીતિનભાઈને હાજર થતાંની સાથે જ સિનિયર હોવાનાં કારણે આચાર્યની જવાબદારી સોપાઈ.થોડા સમયમાં જ નવી શાળા સાથે અનુકૂલન સાધી લઈ પોતાની આવડતને કામે લગાડવાનું ચાલુ કર્યું. શાળા પરિવારની વાત કરું તો શાળામાં બે જ શિક્ષકો,એક પટેલ વિરલભાઇ અને ભુવા સાહેબ પોતે.ભુવા નિતિનભાઈને વિરલભાઈ પટેલનો ખૂબ સારો સાથ મળતાં શાળામાં એક પછી એક બાળકેન્દ્રી પ્રવૃત્તિ શરૂ થઈ.ભુવા નિતિનભાઈને પહેલેથી જ ટેકનોલોજીમાં રસ.સાહેબ હાજર થયા તે સમયે શાળામાં બાળકો પુસ્તકાલય રજીસ્ટર એક ચોપડામાં લખતા.સાહેબને ધ્યાનમાં આવ્યું કે બાળકો લખવામાં ભૂલો કરે છે,કંટાળો પણ અનુભવે છે,ચોકસાઈ રહેતી નથી.


લખવામાં સમય પણ ઘણો વ્યય થતો.એટલે આ સમસ્યાનાં નિરાકરણ માટે અને બાળકોનો રસ પુસ્તકાલયમાં જળવાય રહે તે માટે ભુવા સાહેબે આ દિશામાં વિચારવાનું ચાલુ કર્યું.અંતે સાહેબે નક્કી કર્યું કે લાઈબ્રેરીનો સૉફ્ટવેર તૈયાર કરવામાં આવે તો સમસ્યા હલ થાય.અને બાળકોને મજા પણ આવે.ત્યારબાદ નીતિનભાઈએ સને 2020-2021માં આ સૉફ્ટવેર તૈયાર કરી અજમાયશી ધોરણે મૂક્યો.ત્યારબાદ થોડા સુધારા વધારા કરી સને 2021-2022થી બંને સૉફ્ટવેર શાળા કક્ષાએ ભુવા સાહેબે શરૂ કર્યા.આજની તારીખે બાળકો જ લાઈબ્રેરી ડેટા એન્ટ્રી અને પ્રાર્થનાં કાર્યક્રમ એન્ટ્રી કરે છે.આ નવતર પ્રવૃત્તિથી બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ પ્રત્યે રસરૂચિ વધ્યા.સાહેબનાં આ કાર્યથી સમયનો બચાવ થયો,ચોકસાઈ વધી,રેકર્ડ સાચવવામાં પણ સરળતા થઈ.આ કાર્યનો શ્રેય નીતિનભાઈ વિજયભાઈ ભુવાને મળ્યો.

આમ,કોઠારીયા પ્રા.શાળા નેસ વિસ્તાર એટલે કે અંતરિયાળ વિસ્તારમાં આવેલી શાળા હોવા છતાં સાહેબની આવી નવતર પ્રવૃત્તિ થકી શિક્ષણમાં મહત્તમ ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે.જે એક શાળા માટે મોટી ઉપલબ્ધિ ગણાય.












- ઇનોવેટરનું નામ :- ગોહિલ વિક્રમભાઈ ગાંગજીભાઈ
- શાળાનું નામ :- શ્રી નવા ઉગલા પ્રાથમિક શાળા
  તાલુકો :- ગીર ગઢડા , જીલ્લો :- ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 98985 90460


## LEARN ENGLISH WITH FUN

ગીર સોમનાંથ જિલ્લાનાં ગીર ગઢડા તાલુકાનાં ગીરની ગોદમાં આવેલા શ્રી નવા ઉગલા પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ ભાષા શિક્ષક તરીકે વિક્રમભાઈ ગોહિલ છેલ્લા 12 વર્ષથી શિક્ષણ સેવા સાથે જોડાયેલા છે. ભાષા શિક્ષક તરીકે તેમણે જોવા મળ્યું કે બાળકો ઘરે રહીને સામાન્ય રીતે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાઓમાં વધુ ધ્યાન આપતા હતા પરંતુ અન્ય ભાષાનાં વિષયની સાપેક્ષમાં અંગ્રેજી વિષયથી દૂર ભાગતા હતા. તેમને વિષય અઘરો લાગતો હતો અને રસ પણ દાખવતાં હતા. તેથી તેમને આ નવતર પ્રયોગ કરવાનો વિચાર આવ્યો. જેમાં બાળકો રમતાં રમતાં આનંદ સાથે અંગ્રેજી ભાષા શીખે.

તેમની શાળાનાં વિદ્યાર્થીઓની મુખ્ય સમસ્યા હતી અંગ્રેજી વિષય પ્રત્યે ઉદાસીનતા, વાંચનનો અભાવ, અગ્રેજી વિષય પ્રત્યેનો ડર, અંગ્રેજી પાઠ્યપુસ્તકની વિવિધ પ્રવૃતિઓ માટે વાંચન અને વાંચન માટે જરૂરી શબ્દભંડોળનો અભાવ.બાળકો અંગ્રેજી વિષયથી બિલકુલ સભાન ન હતા. અંગ્રેજી વિષય પ્રત્યે અરુચિ, નિરસતા, ડર, અણગમો તેમજ લઘુતાગ્રંથિ જેવી સમસ્યાઓથી વિદ્યાર્થીઓ સંકળાયેલા હતા. આવા વિવિધ પ્રતિભાવોનાં આધારે બાળકો રમતાં-રમતાં અંગ્રેજી શીખે એ માટે શૈક્ષણિક સાધનો, પ્રવૃતિઓ અને રમતો દ્વારા શિક્ષણ પૂરું પાડવાનો નવતર પ્રયોગ તેમણે શરૂ કર્યો.

શાળાનાં ધોરણ 6 થી 8નાં વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયની પાયાની બાબતો તેમજ અંગ્રેજી વાંચનનું પૂરતું જ્ઞાન ધરાવતા ન હતા. ઘણા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાથી બિલકુલ નિરુત્સાહ હતા.

આ નવતર પ્રયોગમાં સૌપ્રથમ ધોરણ-6 થી 8નાં વિદ્યાર્થીઓને સ્મોલ અને કેપિટલ લેટર્સ, નંબર્સ, - તેમનું યોગ્ય ઉચ્ચારણ, વર્બ એક્શન દ્વારા વર્બની ઓળખ, જેવી વિવિધ પ્રવૃતિઓ ઘરે તેમજ વર્ગખંડમાં શરૂ કરી. વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય પ્રત્યે રુચિ કેળવે તેમજ પ્રવૃતિ અને રમતો દ્વારા શિક્ષણ મેળવે તે માટે અનોખા શૈક્ષણિક સાધનો તૈયાર કરવામાં આવ્યા. બાળકો દ્વારા પોકેટ ડિક્શનરીઓ બનાંવવામાં આવી. જેમાં એબીસીડી, આર્ટિકલનું ટીએલએમ, નંબર્સ, બારાક્ષરી, નાંઉન, પ્રોનાંઉન, સ્પેલિંગ, જેવા ઘણા બધા શૈક્ષણિક સાધનો વિકસાવી પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓ સરળથી કઠિન, ગમ્મત દ્વારા જ્ઞાન તરફ જેવા અભિગમો દ્વારા શિક્ષણ આપવા પ્રયત્ન કર્યો છે.

- ઇનોવેટરનું નામ:- દાહિમા ગીતાબેન એન.
- શાળાનું નામ:- શ્રી કોડીનાંર કન્યા પે સેન્ટર શાળા
  તાલુકો :- કોડીનાંર , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 9228203234




## માઈન્ડ ગેમ

ગીર સોમનાંથ જિલ્લાનાં કોડીનાંર તાલુકાની શ્રી કોડીનાંર કન્યા શાળામાં દોઢ વર્ષથી ફરજ બજાવતા દાહિમા ગીતાબેન આમ તો શિક્ષણ સાથે 18 વર્ષથી જોડાયેલા છે અને સતત પ્રજ્ઞાવર્ગમાં કામ કરતા રહેલા એટલે પ્રવૃતિમય અને બાળકોને એ સમર્પિત. રોજ કંઈક ને કંઈક નવું જ કરવાની ઉત્કંઠા. કોડીનાંર કન્યા શાળામાં આવ્યા ત્યારે પ્રજ્ઞા વર્ગને ખુબ સુંદર બનાંવ્યો. બાળકોનો પ્રેમ, લાગણી જોઈને અમારા આચાર્યશ્રીએ આ વર્ષે જ નવું શરૂ થયેલું બાલવાટિકા. જેની કમાન ગીતાબેનને સોંપવામાં આવી. ત્યારે આ કામતો તેમનાં માટે કાંઈ અઘરું ન હતું. પણ આવેલા બાલવાટિકાનાં બાળકોને સરકારશ્રીનાં નિયમ અનુસાર લેખનકાર્ય પર ભાર નહીં. માત્ર આનંદદાય અને પ્રવૃતિમય જ વાતાવરણમાં રાખવા ત્યારે બેનશ્રી ગીતાબેનને વિચાર આવ્યો કે નવા આવેલા બાળકો છે, ઘરનાં વાતાવરણને છોડીને આવ્યા હોય એટલે શાળા પ્રત્યે લગાવ થાય, શાળાનો ડર દુર થાય, અજાણ્યાં બાળકો સાથે મૈત્રીભાવ કેળવાય, કંઈક નવું કરે, વિચારે, ખેલદિલીની ભાવનાં વિકસે, રમત રમતા શરીરને પણ કસરત મળે, એકાગ્રતા આવે, સતત બાળક પ્રવૃતિમય રહે અને આમ કરતાં કરતાં શિક્ષણકાર્ય પણ પ્રાપ્ત કરે તે માટે માઈન્ડ ગેમ કરાવવાનો વિચાર આવ્યો.

જેમાં બાળકોને રંગો અને આકારોની ઓળખ, અંકો અને રંગો, સંખ્યાઓ અને રંગો, સરખામણી, બંને હાથ વડે વળાંકોની કસરત જેવી અનેક ગેમ બનાંવી. આ તમામ ગેમ વેસ્ટમાંથી બેસ્ટ અને નકામી વસ્તુઓનો જ ઉપયોગ કરી ગેમ તૈયાર કરી. ખૂબ નજીવા ખર્ચથી આ ગેમથી બાળકોમાં ખૂબજ ઉત્સાહ વધ્યો અનિયમિતતા ઘટી. ઘરની યાદ આવતા જે રોવાનું પ્રમાણ હતું તે ઘટ્યું. બાળક તમામ ગેમમાં ભાગ લેતાં થયા. શરમ, સંકોચ દુર થયા. આનું પરિણામ એ આવ્યું કે જે ગયા વર્ષે અમારી કન્યાશાળામાં ધોરણ 1 માં કુલ 36 બાળકો એ જ પ્રવેશ મેળવ્યો હતો તે , બેનશ્રીનાં વિડિયો, ફોટા, યુટ્યુબ દ્વારા જોઈને વાલીઓનો ઉત્સાહ પણ વધ્યો કે આજે બાલવાટિકામાં 51 બાળકો દાખલ થયા, અને 90% હાજરી સાથે. આજે આ લગભગ 30 થી 35 જેટલી માઈન્ડ ગેમ વર્ગનાં 90% બાળકો પોતાની રીતે રમતા થયા છે. બાળકોની ઉત્સાહશક્તિ વધી છે. બેનની ગેરહાજરીમાં બાળકો નિરાશ થઈ જાય એવું વાતાવરણ નિર્માણ કર્યું છે. આ તમામ ગેમ ધોરણ 1 થી 3 સુધી ઉપયોગ કરી શકાય એવી છે.

❖ <u>ફોટોગ્રાફ</u> :-












- ઇનોવેટરનું નામ:- ગાધે ભગવાનભાઈ જેસાભાઈ
- શાળાનું નામ:- શ્રી સાંઢણીધાર પ્રાથમિક શાળા
  તાલુકો :- કોડીનાંર , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-9558418337


## સપ્તરંગી બાલવાટિકા

ગીર સોમનાંથ જિલ્લાનાં કોડીનાંર તાલુકાની શ્રી સાંઢણીધાર પ્રાથમિક શાળામાં વર્ષ 2023 ની અંદર નવી શિક્ષણ નીતિ અંતર્ગત બાલવાટિકા વર્ગમાં બાળકોને નિયમિત કરવા વિકટ પ્રશ્નો હતો. બાળકોને વર્ગની અંદર કઈ રીતે વ્યવસ્થિત પ્રવૃત્તિમય રાખવા એ અંગે વિવિધ મથામણ અને પ્રયાસો પછી આ નવતર પ્રયોગ અમલમાં મૂક્યો. જેથી બાળકો ખૂબ જ ઉત્સાહ,ઉમંગ અને આનંદથી અભ્યાસ કરે છે.બાળકોની વિવિધ આવડતનાં આધારે પદ્ધતિ અને પ્રયુક્તિનાં માધ્યમથી વર્ગની અંદર સપ્તરંગી પ્રવૃત્તિઓ કરે છે શરૂઆતનાં તબક્કામાં બાળકોને શાળામાં પટાવી ફોસલાવી અને લાવવા પડતા હતા. બાળકોનું સ્વાગત કરવું તેમને આવકારવો તેમને શરૂઆતમાં બાળગીતો બાલ વાર્તાઓ વિવિધ ગોઠવણી બોક્સ ગોઠવવા બટનનાં જૂથો બનાંવવા વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી. ધીરે ધીરે બાળકોનો ભય દૂર થતાં વાલીગણને પણ શાળા સુધી તેને છોડવા આવવા પડતા નથી. અને આ પ્રયુક્તિનાં માધ્યમથી બાળકો સહર્ષ હોંશે હોંશે પોતાનાં ઘરેથી શાળાએ નિયમિત આવે છે .

સપ્તરંગી પ્રવૃત્તિઓથી બાળકો પોતે પોતાનાં જ ઘરે જેમ રહેતા હોય એવી રીતે રહીને વર્ગ કાર્ય કરે. પોતાની આવડત પ્રગટ કરે. ધીમે ધીમે બાળકોનો ભય દૂર થતાં આજે દરેક બાળકને એકથી દસ સુધીનાં અંકો સંખ્યાજ્ઞાન , બોક્સની ગોઠવણી કરવી, પર્ણોની ઓળખ ,ચીટકકામ, કાતરકામ, કાગળકામ, રંગપૂરણી, બાલ વાર્તા ,અભિનય ગીત, વિવિધ રમતો વગેરે સારી રીતે કરે છે. અને કોઈપણ જાતનાં ખેદ સંકોચ કે ભય વિનાં તે વર્ગની અંદર નિયમિત સમય પસાર કરે છે.શિક્ષક સાથે આત્મિયતા કેળવે છે.બાલવાટિકાનાં બાળકોની વિવિધ સ્કિલોનો વિકાસ થાય છે. શરૂઆતમાં બાળકોની અંદર થોડોક સમય વર્ગમાં આળસ આવતી,ઘરની યાદ આવતી ,એકલાં એકલાં ચૂપચાપ બેસી રહેવું. કોઈ પણ પ્રકારનો ઉત્સાહ ન બતાવો, રુદન કરવું ,વગેરે સમસ્યાઓ ઉદભવતી હતી. તો વર્ગની અંદર બાલવાટિકામાં બાળકોને પ્રવૃત્તિમય સપ્તરંગી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી .સપ્તરંગી પ્રવૃત્તિની અંદર બાળકોને આસપાસનાં પરિસરમાંથી સહજ અને સરળતાથી બિલકુલ ખર્ચ વિનાં મળી રહેતા સાધનોનાં માધ્યમ થી બાળકોને શીખવાડવામાં આવે છે . જેમ ચીટકકામ, કલરકામ ,કાગળ કટીંગ , મણકા, લખોટીઓ , બાલગીત, અભિનય ગીત, બાલ વાર્તાઓ , ચિત્રવાર્તાઓ ઈનડોર ગેમ્સ, આઉટડોર ગેમ્સ, પઝલ ગોઠવણી, વગેરે સપ્તરંગી પ્રવૃત્તિઓ વર્ગમાં નિયમિત થાય છે.

તેમજ બાળકોની અંદર રહેલી સુસુપ્ત શક્તિઓ જેમકે વનસ્પતિની ઓળખ, પ્રાણીઓની ઓળખ, પશુ-પક્ષીની ઓળખ, ગામની અંદર રહેતા બાળકોને અવારનવાર પ્રકૃતિની વચ્ચે રહેતા હોવાથી પ્રાકૃતિક વાતાવરણને લગતી માહિતી તેમજ બાળકોની અંદર સહજ રીતે મળતા સામાજિક સંસ્કારોને ધ્યાનમાં રાખી અને સ્થાનિક કક્ષાએ આસપાસનાં પરિસરને સ્પર્શતી વસ્તુઓને ધ્યાનમાં રાખીએ અને બાલવાટિકામાં કઈ રીતે સપ્તરંગી પ્રવૃત્તિમાં ઉપયોગી થાય એ પણ ધ્યાનમાં લેવામાં આવે છે. અને બાળકનાં વ્યક્તિત્વનો સંપૂર્ણ સર્વાંગી વિકાસ થઈ શકે છે .તેવું આ જુલાઈ માસથી આજ દિવસ સુધી આ સપ્તરંગી બાલ વાટિકાની પ્રવૃત્તિ કરવાથી બાળકો નવીન પ્રકારનો ઉત્સાહ, નિયમિતતા અને શીખવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. વાલીગણ તરફથી પણ આ પ્રવૃત્તિનો ખૂબ સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. અને વાલીગણ પણ એક whatsapp ગ્રુપનાં માધ્યમથી પોતાનાં બાળકોની દરેક હરકત અને પ્રવૃત્તિ જોઈ શકે છે. અને તેનાં તરફથી પણ પોતાનાં બાળક પ્રત્યેનાં ભાવ પ્રતિભાવ નિયમિત રીતે મળતા રહે છે .એ જ અમારી સંપૂર્ણ સફળતા છે.સાઢણીધાર પ્રાથમિક શાળાનાં બાળકો પોતાની જાતે વર્ગમાં પ્રવૃત્તિઓ કરે છે,જૂથ બનાંવે છે,તો એનું વર્ગીકરણ કરે છે,પાંદડા ની મદદથી તોરણ અને તેનાં આકારો બનાંવે છે.







- ઇનોવેટરનું નામ:- વાઢેળ નરેન્દ્રભાઈ બી.
- શાળાનું નામ:- શ્રી વિઠલપુર પ્રા.શાળા
  તાલુકો :- કોડીનાંર , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- ૯૨૭૫૨૪૮૪૬૮




## ડિજીટલ લર્નિંગ દ્વારા સા.વિ.નું સરળીકરણ


નમસ્કાર, ગીર સોમનાંથ જિલ્લાનાં કોડીનાંર તાલુકાનું નાંનકડું ગામ એટલે વિઠલપુર. આ ગામમાં 12 વર્ષ પહેલા વિઠલપુર પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન વિષયમાં નરેન્દ્રભાઈ વાઢેળ નામનાં એક શિક્ષક તારીખ 19-6-2012 નાં રોજ શાળામાં દાખલ થાય એમ.એ,બી.એડ એટલે પોતાનાં વિષયમાં પહેલા દિવસથી શાળામાં ધોરણ છ થી આઠનાં બાળકોની કમાન હાથમાં લઇ થોડો સમય જતાં તેમને માલુમ પડ્યું કે બાળકો સામાજિક વિજ્ઞાન વિષયથી દૂર ભાગે સ્ટ્રેસ અનુભવે, રુચિ ન કેળવતાં શિક્ષણમાં નવતર પ્રયોગ દ્વારા નવી દિશામાં વિચારવાનું શરૂ કર્યું.

એક દિવસ ક્લાસમાં હાજરીમાં ધોરણ છ નાં બાળકોને દરેક વિદ્યાર્થીને ગુજરાતનાં જિલ્લાનાં નામ આપી યસ સર ની જગ્યાએ પોતાનાં જિલ્લાનું નામ હાજરીમાં બોલવું તેવી જ રીતે ધોરણ સાતનાં બાળકોને ભારતનાં રાજ્યોનાં નામ આપ્યા. તેમજ ધોરણ 8 નાં બાળકોને વિશ્વનાં દેશોનાં નામ આપી હાજરી ની શરૂઆત કરી બાળકો સામાજિક વિજ્ઞાનમાં વધુ રુચિ કેળવે તે માટે કોમ્પ્યુટર લેબ ની અંદર દરેક ગુજરાતનાં જિલ્લાઓ ભારતનાં રાજ્યો અને વિશ્વનાં દેશો દેશોની કોમ્પ્યુટરમાં પઝલ્સ ગેમ બનાંવી કોમ્પ્યુટર લેબમાં ગેમ રમાડતા રમાડતા બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં રૂચિ કેળવતા થયા જાતે નકશા દોરતા થયા ધીમે ધીમે અનેક પ્રયત્નો પછી ખૂબ મહેનત પછી સામાજિક વિજ્ઞાન ખંડ નું નિર્માણ બાળકોએ પોતાની જાત મહેનતથી સામાજિક વિજ્ઞાન ખંડનું નિર્માણ કર્યું. હવે બાળકો સામાજિક વિજ્ઞાન વિષયને કોમ્પ્યુટરનાં માધ્યમથી શીખે છે એકમ બાદ કોમ્પ્યુટર દ્વારા ટેસ્ટ લેવા થી બાળકોમાં પરિણામ જોવા મળ્યું

આજે બાળકો સામાજિક વિજ્ઞાનનાં અઘરા મુદ્દા,કઠિન બિંદુ સરળતાથી શીખે છે. તેમજ ક્લસ્ટરની ઘણી શાળાઓએ મુલાકાત લઇ કેળવી આજે વિઠલપુર પ્રાથમિક શાળાનાં બાળકો youtube એનબી વાઢેર ચેનલમાં વિડીયો પણ અપલોડ કરી સામાજિક વિજ્ઞાનની દરેક પ્રવૃત્તિ અપલોડ કરી વિષયને વધુ શીખી રહ્યા છે.

7


- ઇનોવેટરનું નામ:- કાછેલા કનકસિંહ એમ.
- શાળાનું નામ:- શ્રી મુસ્લિમ વિસ્તાર પ્રા શાળા
  તાલુકો :- સુત્રાપાડા  જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 8347383333

## FLN અંતર્ગત પ્રવૃતિ શિક્ષણ

ગીર સોમનાંથ જિલ્લાનાં સુત્રાપાડા તાલુકામાં છેવાડાનાં વિસ્તારમાં આવેલી મુસ્લિમ વિસ્તાર પ્રા શાળામાં ગણિત/વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવતા કાછેલા કનકસિંહ મોહનભાઇને ધ્યાનમાં આવતાં શાળાનાં બાળકોમાં રહેલી વાંચન,લેખન અને ગણનની કચાશને દૂર કરવા માટે અવનવા પ્રયોગોને અંતે વર્ષ 2023/24 ની શરૂઆતમાં FLN અંતર્ગત પ્રવૃતિ શિક્ષણ આપવાનું નક્કી કર્યું.જેમાં બાળકનો વ્યક્તિગત સ્વભાવ ધ્યાનમાં લઈને કઈ રીતનાં સરળતાથી વાંચન,લેખન અને ગણન કરવું તે નક્કી કર્યું.આસપાસનાં પરિસરમાથી સરળતાથી,મફત અને વધુ પ્રમાણમાં મળી રહે તેવા સાદા સાધનોનાં માધ્યમથી આ FLN અંતર્ગત પ્રવૃતિ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું.


FLN અંતર્ગત પ્રવૃતિ શિક્ષણને કારણે ધોરણ 3 થી 8 માં વાંચન, ગણન અને લેખન કાર્યમાં બાળકો પારંગત થાય એ આ નવતર પ્રયોગ નો મુખ્ય હેતુ છે. ખાસ કરીને ને 3 થી 8 નાં 84 બાળકોમાથી અમને 68 બાળકો માં પરિણામ મળેલ છે. બાળકોને ગણન અને લેખનનાં અલગ અલગ ટીએલએમ બનાંવીને એમાં પરિણામ મેળવેલ છે.

આવી રીતે કનકસિંહભાઈ દ્વારા શાળાની અંદર કરેલ પ્રવૃતિ દ્વારા બાળકોનાં વાલીઓ અને શિક્ષકો વચ્ચે સોહાર્દપૂર્ણ વાતાવરણનું નિર્માણ થયું.અને વાલીઓ જે શિક્ષણ પ્રત્યે ઉદાસીન હતા તે પણ પોતાનાં બાળકોમાં થયેલ શૈક્ષણિક સફળતા બાબત વાકેફ થઈ શાળા પ્રત્યે સકારાત્મકતા દાખવવા લાગ્યા.આમ બાળકોનો પાયાનો વિકાસ થયો.

ધોરણ 3 થી 8 માં વાંચન, ગણન અને લેખન કાર્યમાં બાળકો પારંગત થાય એ આ નવતર પ્રયોગ નો મુખ્ય હેતુ છે. સમાન્ય રીતે મારી શાળા માં મને વાંચન ગણન અને લેખન માં નબળાઈ જોવા મળતા જુદી જુદી પ્રવૃતિઓ અને અલગ અલગ પ્રકારનાં સાહિત્યનું નિર્માણ કરીને એનાં દ્વારા વાંચન લેખન અને ગણન માં પરિણામ મેળવેલ છે.







8





- ઇનોવેટરનું નામ:- કકુભા ભાવસંગભાઇ રાઠોડ
- શાળાનું નામ:- શ્રી ચગિયા પ્રાથમિક શાળા
  તાલુકો :- સુત્રાપાડા, જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 728203874, 8200267358



## દિન વિશેષ

ગીર સોમનાથ જિલ્લા ના સુત્રાપાડા તાલુકામાં શ્રી ચગીયા પ્રાથમિક શાળામાં હું વર્ષ- 2011 માં શિક્ષક તરીકે અપર પ્રાયમરી વિભાગમાં ગણિત અને વિજ્ઞાન ના શિક્ષક તરીકે નિમણુંક થઈ.વર્ષ 2009 માં મે મારુ બી. એસ. સી. પૂરું કરીને બી. એડ. માં શ્રી પી. ડી માલવીયા કોલેજ ખાતે એડમિશન લીધું. મારો મુખ્ય વિષય વિજ્ઞાન એટલે અમારા ગણિત અને વિજ્ઞાન ના પ્રોફેસર ડો. એસ. એમ. ઘેટીયા સર હતા. જે અમારા દરેક ના મોબાઈલ નંબર સેવ કરીલીધા અને અમને દરોજ એક સરસ મજાનો Good Morning નો ટેક્સ મેસેજ મોકલતા હતા, અને એની સાથે સાથે મને પણ આ ગામતું એટલે હું પણ મારા મિત્રો અને અમારી સાથે અભ્યાશ કરતાં અમારા તાલીમાર્થી ઓને આવા Good Morning ટેક્સ મેસેજ કરવા લાગ્યો. ત્યારે મારી શરૂવાત એટલે મારી પાસે સાદો નોકિયાનો 1600 મોબાઈલ એટલે હું પણ સારા એવા Good Morning નો ટેક્સ મેસેજ ટાઇપ કરીને રાખતો અને દરોજ સવારે નિયમિત પણે મારા મિત્રોને સેન્ડ કરતો. ત્યારથીજ આ મારા નવતર પ્રયોગની શરૂવાત થઈ. આમ આ દરોજ નોયમિત પ્રમાણે Good Morning ના મેસેજ નો સિલસિલો ચાલુ થયો અને ધીમે ધીમે મારુ ફ્રેન્ડ સર્કલ મોટું થયુ.

ચગીયા પ્રાથમિક શાળામાં ગણિત અને વિજ્ઞાન ના શિક્ષક તરીકે નિમણૂક થઈ. મિત્ર વર્તુળ વધ્યું અને સાથે સાથે આ ટેવ પ્રમાણે દરોજ બધા મિત્રોને Good Morning ના મેસેજ નો સિલસિલો ચાલુ રહિયો. દરોજ એક સારો મેસેજ ટાઇપ કરીને રાખતો અને દરોજ સવારે ઊઠીને પહેલું કામ બધ મિત્રોને Good Morning નો મેસેજ કરતો.ધીરે ધીરે આ ટેક્સ મેસેજ નો દોર પૂરો થયો અને Whatsapp, Face Book, Instagram, વગેરે જેવા સોસિયલ મીડિયાનો દોર શરું થયો, આ બધી એપલીકેશન તો હતીજ પણ પાસે ત્યારે એન્ડ્રોઇડ મોબાઈલ નહતો. નોકરીના એકાદ વર્ષ પછી પણ એન્ડ્રોઇડ મોબાઈલ લીધો અને આ બધી એપ્લિકેસન થી હું અવગત થયો અને મે પણ મારી ટેવ મુજબ Good Morning ના મેસેજ હવે આ સોસિયલ મીડિયામાં મલ્ટીમીડિયા મેસેજ સેન્ડ કરવાનું ચાલુ કરીયુ. અને ટેક્સ મેસેજ ને સદા માટે અલવિદા કઇદીધું. એકાદ વર્ષ સુધી આ શીલશીલો શરૂ રહિયો.પછી મને વિચાર આવ્યો કે, હું જે Good Morning ના મેસેજ દરોજ મારા મિત્રોને સેન્ડ કરુ છું.


કરતાં કઈક એવું સેન્ડ કરું કે જેનાથી તેનું નોલેજ વધે અને કઈક જાણવાનું પણ મળે, તેના માટે મે વિચાર કરિયો ને ન્યુઝ પેપર ડાઉનલોડ કરવાનું ચાલુ કરિયું. અને જેમ Good Morning ના મેસેજ સેન્ડ કરતો હતો, તેવીજ રીતે દરોજ નિયમિત રીતે 2 થી 3 જુદા જુદા ન્યુઝ પેપર ડાઉનલોડ કરીને સેન્ડ કરવાનું ચાલુ કર્યું.દરરોજ સંદેશ, ગુજરાત, દિવ્યભાસ્કર, અને ફૂલછાબ જેવા જુદા જુદા પેપર ડાઉનલોડ કરવા લાગ્યો અને સોસિયલ મીડિયામાં દરોજ મારી ટેવ પ્રમાણે નિયમિત પણે ભુલિયા વગર મારા ફ્રેન્ડ સર્કલ અને મારા વિધ્યાર્થી ઓને સેન્ડ કરવા લાગ્યો. બેક વર્ષ સુધી થાક્યા વગર મે આ અવિરતપણે ન્યુઝ પેપર મોકલવાનું સિલસિલો શરુજ રાખ્યો. આ ન્યુઝ પેપર ડાઉનલોડ કરવા પર પ્રતિબંધ આવ્યો અને મારુ દરોજનું કામબંધ થઈ ગયું. તે બાદ મે આજ દિશામાં કઈક નવું કરવાનું વિચારવા લાગ્યો. અને મને સફડતા માળી બેક વર્ષ પહેલા વિનોદ રાવસાહેબે Work Place પર શિક્ષકોને જોડાવાની અપીલ કરવામાં આવી અને હું પણ આ Work Place માં જોડાયો અને શિક્ષકો દ્વારા કરવામાં આવતા અવનવ કામોની પણ મને જાણ થઈ. તેમાના મારા એક શિક્ષક મિત્ર ‘ગોહિલ ભરતભાઇ” દ્વારા “દિન વિશેષ” નામની પોસ્ટ મૂકવામાં આવી અને મને દરોજ મારા મિત્રોને સેન્ડ કરવા માટેનો ઉપાય મડી ગયો, મે આ ગોહેલભાઈ ના બનાવેલ દિન વિશેષ ની પોસ્ટ બીજા મિત્રોની પોસ્ટ અને Google પરથી સર્ચ કરીને દિન વિશેષ માટેની બધીજ માહિતી એક્ત્રિત કરી લીધી.











- ❖ ઇનોવેટરનું નામ:- વાઢેળ વિરેન સી.
- ❖ શાળાનું નામ:- શ્રીરામેશ્વર સીમ પ્રા શાળા સોળાજ
  તાલુકો :- સુત્રાપાડા જીલ્લો :-ગીર સોમનાંથ
- ❖ મોબાઈલ નંબર :- 8128676328


## SHC *(SCHOOL HEALTHCARE CENTER)*

ગીર સોમનાંથ જીલ્લાનાં સુત્રાપાડા તાલુકાનાં સોળાજ ગામની સીમમાં આવેલ શ્રી રામેશ્વર સીમ શાળામાં શ્રી વાઢેળ વિરેન ચિનુભાઈ તારીખ ૨૯/૦૧/૨૦૧૪ થી ગણિત/વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે.શિક્ષકશ્રીનાં ધ્યાનમાં આવ્યું કે શાળામાં બાળકો સ્વચ્છતા અને આરોગ્ય પ્રત્યે બેદરકાર રહેતા અને વારંવાર બિમાર રહેવાને કારણે વર્ગમાં ગેરહાજરીનું પ્રમાણ વધુ રહેતુ હતું. બિનજરૂરી એલોપેથી દવા લેવાનુ પ્રમાણ પણ વધુ જોવા મળતુ હતું..આમ તેમનાં ખોરાક પ્રત્યે બેકાળજી દાખવતાં અને વ્યક્તિગત સ્વચ્છતાનો બાળકોમાં અભાવ હોવાથી વિવિધ રોગો ઉદ્ભવતા હતા.ઉપરોક્ત સમસ્યાનાં નિવારણ માટે તથા તેમને થતી સામાન્ય બીમારીઓ સામે આયુર્વેદ ઉપચાર કરતાં શીખે તેવું શિક્ષકશ્રી દ્વારા એક ઈનોવેટિવ આયોજન કરવામાં આવ્યું .

- જેમાં ધોરણ ૬ થી ૮ નાં બાળકોને તંદુરસ્ત સ્વાસ્થ્ય અંગેની માર્ગદર્શન,BMI વિષેની જાણકારી આપવામાં આવે છે.
- સામાન્ય ઋતુઓમાં થતાં રોગો થવાનાં મુખ્ય કારણો અને તેનાં ઉપચાર આપણી આસપાસ રહેલા વૃક્ષોમાથી કઈ રીતે કરવો,આપની દૈનિક ક્રિયાઓ વિશે સમજ તે ઉપરાંત બિનજરૂરી એલોપેથી દવા લેવાને બદલે રોગનું નિદાન આયુર્વેદિક પધ્ધતિથી કઈ રીતે કરવું તેનાં વિષે બાળકોને સમજાવવામાં આવે છે.
- ઉપરાંત બાળકોને BLOOD-PRESSURE મોનીટર ,BLOOD GLUCOSE મોનિટરિંગ સિસ્ટમ , સ્ટેથોસ્કોપ વગેરેનો ઉપયોગ અને તેની આકડાકીય માહિતી વિષે સમજ તથા વિવિધ બીમારી માટે કઈ એલોપેથી દવા લેવી અને તેની આડઅસરો વિશે જાણ પણ કરવામાં આવતી હતી.
- અંતે એક મૌખિક પ્રશ્નોતરીનાં અંતે રસરુચિ ધરાવતા ધોરણ ૬ થી ૮ નાં સાત બાળકોને શાળા તરફથી એક શિક્ષકનાં માર્ગદર્શન હેઠળ બાળ ડોક્ટર બનાંવવામાં આવે છે.
- હવે આ 7 બાળ-ડોક્ટરો શાળાનાં બાળકોને દર મહિને એક શિક્ષકનાં માર્ગદર્શન હેઠળ દરેક ધોરણમાં જઈ તેમનું આરોગ્ય ચેક ,બ્લડપ્રેસર માપણી,BMI ચેક,તાવ ,શરદી ,ઉધરસ વગેરેનો આયુર્વેદિક ઉપચાર વિશે માર્ગદર્શન આપશે. ઉપરાંત જો જરૂર જણાય તો જ બાળકોને એલોપેથી દવા શિક્ષકને પૂછીને આપશે.

- ઉપરાંત જ્યારે જરૂર જણાય ત્યારે આ બાળ-ડોક્ટરો બાળકોની સારવારમાં(FIRST-AID) અને દવા દેવામાં હાજર રહે છે.
- આ રીતે શ્રી રામેશ્વર સીમ શાળામાં SHC (SCHOOL HEALTHCARE CENTER)ની રચનાં કરવામાં આવી.






**10**


- ઇનોવેટરનું નામ:- શ્રી દાનાંભાઇ કે.સોલંકી
- શાળાનું નામ:- શ્રી સાંગોદ્રા પ્રા.શાળા
  તાલુકો :- તાલાલા , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- ૯૯૧૩૧ ૫૩૧૪૬




## Student Bank of Sangodra (digital bank)

આજનાં આધુનિક સમયમાં માણસ અને ટેકનોલોજીએ હરણફાળ ભરી છે ત્યારે ગામડામાં કે છેવાડાનાં ઝૂપડામાં રહેતા માણસથી માંડીને એક મેગાસિટીમાં રહેતા માણસે ટેકનોલોજી સાથે સંકળાયેલું હોવું ખૂબ આવશ્યક છે.

મુશ્કેલીનાં નિવારણ માટે શ્રી સાંગોદ્રા પ્રાથમિક શાળામાં એક ડિજિટલ બેંકની શરૂઆત કરવામાં આવી કે જેમાં બાળક નાંનપણથી જ બેન્કિંગ સિસ્ટમનો અનુભવ કરતો થાય.નાંનપણથી જ તેને બેંકનું ફોર્મ કેમ ભરવું, બેંકમાં પૈસા કેમ જમા કરાવવા, જમા થયેલા પૈસાઓનાં મેસેજ કેમ વાંચવા અથવા તો તેની એપ્લિકેશનને મેનેજ કઈ રીતે કરવી, સ્ટેટમેન્ટ કેવી રીતે જોવા અને નાંનપણથી જ પોતે બચત કરતો થાય અને તેનાં પ્રત્યે જાગૃત બને અને આ બધાનો અનુભવ શાળામાંથી થઈ જાય એટલા માટે એક ડિજિટલ બેંકની સ્થાપનાં શ્રી સાંગોદ્રા પ્રાથમિક શાળાઓમાં કરવામાં આવી. આ બેંકનું નામ **"સ્ટુડન્ટ બેંક ઓફ સાંગોદ્રા"(ડીજીટલ બેંક)** એવું રાખવામાં આવ્યું.આ બેંક સંપૂર્ણ ડિજિટલ અને પેપરલેસ છે.

બેંકમાં **" ખાતા બુક "** એપ્લિકેશનનાં માધ્યમથી દરેક વિદ્યાર્થીઓનાં એકાઉન્ટ ખોલવામાં આવ્યા. આ બેંકમાં એક શિક્ષક શ્રી ને કેશિયર બનાંવવામાં આવ્યા છે. કેશિયર રીસેસ સમય દરમિયાન કેસ ટેબલ ઉપર બેસી  વિદ્યાર્થીઓ પાસેથી કેશ કલેક્શન કરે છે.એકાઉન્ટની અંદર બાળક પોતાને ઘરેથી ભાગ લેવા માટે અથવા તો વસ્તુ લેવા માટે અથવા તો વાપરવા માટે આપતા 5 10 15 20 50 100 સુધીનાં જે રૂપિયા છે તે વાપરવાને બદલે અથવા તો બિનજરૂરી ખર્ચાઓ કરવાને બદલે આ રૂપિયાને બાળક એક કેશિયર શિક્ષક પાસે પોતાનાં એકાઉન્ટમાં પૈસા જમા કરાવે છે.

કેશ કલેક્શન વિદ્યાર્થીઓ પાસેથી થઈ ગયા પછી તેની **"ખાતા બુક"** એપ્લિકેશનનાં માધ્યમથી ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે છે. ઓનલાઇન એન્ટ્રી કરતા ની સાથે જ વિદ્યાર્થીનાં વાલીનાં મોબાઇલમાં ઓટો જનરેટ મેસેજ સિસ્ટમથી તેનાં જમા થયેલા પૈસાનો TEXT મેસેજ સેન્ડ થઈ જાય છે અને વાલીને મળી જાય છે આવી રોજની પ્રક્રિયાઓ કરવામાં આવે છે અને રોજે રોજનાં

મેસેજ બાળકનાં વાલીનાં મોબાઇલમાં મળે છે જેથી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનાં વાલી બંને પોતાનાં જમા થયેલા પૈસાઓ જોઈ શકે છે.તે વિશે તેમને માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

વિદ્યાર્થીનાં ખાતામાં થયેલા ટ્રાન્જેક્શન નું સ્ટેટમેન્ટ દર ત્રણ મહિને છ મહિને ૯ મહિને અને એક વર્ષ દિવસે પીડીએફ સ્વરૂપે વાલીનાં મોબાઇલમાં આપવામાં આવે છે જેથી કરીને રિયલ બેંક્નુ સ્ટેટમેન્ટ કઈ રીતે જોવું અને સમજવુ તેનું પણ માર્ગદર્શન વાલી અને વિદ્યાર્થીને બંનેને આ રીતે મળી રહે છે.

આ નાંણાકિય વ્યવહાર ગણિત વિષય શિખવામાં પણ ખુબજ ઉપયોગી થાય છે.ધોરણ 3 થી 5 ગણિત વિષયમા આવતા “ચલણ”નાં એકમો ખુબ સરળતાથી બાળકોને શીખવી શકાય છે.આ ઉપરાંત 5 ટકા વ્યાજ સ્વરૂપે કેશબેક કે વળતર આપવાની સિસ્ટમથી વિદ્યાર્થીઓને ધોરણ 6 થી 8 મા ગણિત વિષયમાં આવતા “સાદુવ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ” જેવા એકમો ખુબ સરળતાથી સમજાવી શકાય છે.આ ઉપરાંત ભા.ગુ.સ.બા.જેવા પાયાનાં ગાણિતિક ખ્યાલો વિદ્યાર્થીઓને સરળતા સમજી શકે છે.આમ ગણિત વિષયમાં બેંક વિદ્યાર્થીઓ માટે ખુબજ ઉપયોગી સાબિત થઇ રહી છે.

આ ઉપરાંત બાળકને કેશલેસ ટ્રાન્જેક્શનથી થતા ફાયદાઓની પણ જાણ થાય અને ઘરેથી જોખમ લઈ રૂપિયા પણ લાવવા પડતા નથી અને પોતાની ખરીદી આરામથી બાળક કરી શકે છે. બાળકની આ ખરીદી પરથી થયેલા કપાત રૂપિયાનો મેસેજ પણ ઓટો જનરેટ સિસ્ટમથી વાલીનાં મોબાઇલમાં મળી જાય છે. તેને કેશબેક(વળતર) સ્વરૂપે મળેલા રૂપિયાનો પણ મેસેજ વાલીનાં મોબાઇલમાં મળી જાય છે જેથી વાલી પણ પોતાનાં બાળકને આપવામાં આવતા રૂપિયાનો સદુપયોગ જોઈએ અને ખુબ ખુશ થાય છે. આ રીતે વાલીઓ અને વિદ્યાર્થીઓનો ખૂબ સારો સપોર્ટ અને એક બેન્કિંગ સિસ્ટમનો જ્ઞાનવર્ધક અનુભવ અને ઉત્સાહ બાળકમાં અને વાલીઓમાં જોવા મળે છે.











❖ ઇનોવેટરનું નામ:- હેતલબેન વિજયકુમાર સોંદરવા
❖ શાળાનું નામ:- શ્રી ભોજદે પ્રાથમિક શાળા
તાલુકો :- તાલાલા, જીલ્લો :- ગીર સોમનાંથ
❖ મોબાઈલ નંબર :- 9726272097



## Easy Tricks and Techniques to Learn English

પ્રકૃતિની ગોદમાં રમતું એક નાંનકડું રળિયામણું ગામડું એટલે ભોજદે ગીર. ગીર સોમનાંથ જિલ્લાનાં તાલાળા તાલુકાનાં આ ગામમાં શ્રી ભોજદે પ્રાથમિક શાળામાં મદદનિશ શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શ્રી હેતલબેન વિજયકુમાર સોંદરવા દ્વારા દરેક બાળકો સરળતાથી તેમજ હળવાશથી અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવે તે નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

કોરોનાં કાળ બાદ બાળકોમાં અભ્યાસ પ્રત્યે નિરુત્સાહ જોવા મળેલો. ખાસ કરીને અંગ્રેજી વિષયનાં તાસમાં રુચિ ન હતી. મોટાભાગનાં બાળકોને અંગ્રેજી એક મુશ્કેલ ભાષા તરીકેનો પૂર્વગ્રહ બંધાયેલો હોવાથી વાંચન તેમજ એકિટ્વીટીમાં ખૂબ ઓછો પ્રતિસાદ મળતો.

પ્રવર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાનું મહત્વ હોય તે ધ્યાનમાં લઇ બાળકોને અંગ્રેજી વિષયમાં પડતી મુશ્કેલી નિવારવા નવીન યુક્તિ – પ્રયુક્તિઓ તેમજ કોઠાસૂઝ દ્વારા શીખવવાનો પ્રયત્નો કર્યા. Pronouns, Verbs, Tenses, Vocabulary તેમજ Unit Activities વગેરે એકદમ સરળતાથી યાદ રાખી શકે તેવી ગેમ્સ, એક્ટિંગ, ઇ-કન્ટેન્ટ દ્વારા તેમજ પ્રાર્થનાંસભા અને સામાન્ય વાતચીતમાં સરળ વાક્યો બોલી શકે તેવા પ્રયત્નો શરૂ કર્યા. સ્પેલીંગ યાદ રાખવાની સરળ રીત,ડિક્શનરીનો ઉપયોગ,ગેસીંન્ગ ગેમ,સ્પેલીંગ ગેમ વગેરે દ્વારા બાળકોને ભાષાનાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહિત કર્યા. તમામ પ્રયત્નોને અંતે હાલ ધોરણ 6 થી 8 નાં કુલ 70 બાળકોમાંથી મોટાભાગનાં બાળકો અંગ્રેજી વાંચન,યુનિટ એક્ટિવીટી,વોકેબ્યુલરી વગેરે પ્રવૃતિઓમાં રસ અને રૂચિ ધરાવતા થયા અને આ નવતર પ્રયોગને સફળ બનાંવ્યો.


નવતર પ્રયોગ કર્યા પૂર્વે ધોરણ 6 થી 8 કુલ 70 બાળકોમાંથી માત્ર 15 થી 20 બાળકો અંગ્રેજી વિષય પ્રત્યે રસ ધરાવતા હતા. નવતર પ્રયોગ હાથ ધર્યા બાદ કુલ 70 બાળકોમાંથી આશરે 50 જેટલા બાળકો અંગ્રજી વિષય પ્રત્યે રસ – રૂચિ દાખવવા લાગ્યાં.

ઉપયોગીતા :

- આ નવતર પ્રયોગ દરેક શાળાનાં બાળકો માટે ઉપયોગી છે.
- ખાસ કરીને મધ્યમ તેમજ નબળાં વિધાર્થિઓ માટે લાભદાયી.
- અન્ય ભાષા પ્રત્યે અણગમો કે પૂર્વાગ્રહ બંધાયેલાં વિધાર્થિઓ માટે ઉપયોગી.




Don't Waste It.


Std. 6th Unit-3 ⇒ Fought and won
Search new words



12




- ઇનોવેટરનું નામ:- નીતાબેન આર.વંશ
- શાળાનું નામ:- શ્રી ગાભા પ્રાથમિક શાળા
  તાલુકો :- તાલાલા   જીલ્લો :- ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 8347575866


## રમતા રમતા આગળ વધીએ

ગીર સોમનાંથ જિલ્લાની તાલાલા તાલુકાની શ્રી ગાભા પ્રાથમિક શાળામાં વંશ નીતાબેન ભાષાનાં પ્રજ્ઞા શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

ગાભા પ્રાથમિક શાળામાં પ્રજ્ઞા વર્ગમાં અંદાજિત દર વર્ષે 40 થી 45 બાળકોની સંખ્યા હોય છે. અને આ વર્ષે 2023/24 માં બાલવાટિકામાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. અને આ નાંનાં ભૂલકા શાળાએ ઉત્સાહપૂર્વક આવે અને રસપૂર્વક વર્ગ કાર્યમાં ભાગ લે, તે માટે બહેનશ્રી જુદી જુદી રમત, એકમ મૂલ્યાંકન ગેમ અને પ્રવૃત્તિ  FLN (NIPUN) દ્વારા બાળકોને, રમતા-રમતા વિષય વર્ણન, વાક્ય, શબ્દ, મૂળાક્ષર, વાંચન-લેખન, વાર્તા-કથન, અભિનય ગીત, રહેઠાણો, વ્યાકરણ, વર્ગીકરણ વગેરેનો અભ્યાસ કરાવવામાં આવે છે.

બહેન દ્વારા નીચે મુજબની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવા માટેનાં પ્રયાસો કરવામાં આવે છે. બાળકોને ગેમ, એકમ મૂલ્યાંકન, ગેમ દ્વારા જે તે એકમની વધુમાં વધુ, અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થાય તે માટે અને તેનાં મૂલ્યાંકન માટે અલગ-અલગ STEP BY STAP પ્રવૃત્તિ આપેલી છે. તેનાં જવાબ આપી આગળ વધવું તેમ જ કેલેન્ડર દ્વારા એકમ તથા માસ  અનુરૂપ, વિષયને સાંકળીને પ્રવૃત્તિ કરે છે. તેમાં રંગપૂરણી, ચીટકકામ, કાગળ કામ જેવી સર્જનાંત્મક પ્રવૃત્તિ સાથે વાંચન-લેખન-ગણનની પ્રવૃત્તિ પણ કરતા થયા.

એકમ કાર્ડ અને એકમ પૂર્ણ થયા બાદ, પાસાની રમત દ્વારા જે તે એકમની અધ્યયન નિષ્પતિનું મૂલ્યાંકન, દ્રઢીકરણ થઈ જાય છે. અને બાળકો  રસ  અને ઉત્સાહથી દરેક પ્રવૃત્તિ, રમત સાથે અભ્યાસ કરે છે. આ રીતે ધોરણ 3 થી 5 નાં બાળકોને પણ એક થી વધુ વિષયને સાંકળીને પ્રવૃત્તિ પ્રોજેક્ટ -વર્ક અને ગેમ કરાવી શકાય છે.

- પરિણામ :-
  - વર્ગમાં ગેમ એકમ મૂલ્યાંકન ગેમ અને  પ્રવૃત્તિનો ઉપયોગ કરવાથી બાળકોની અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવામાં સફળતા મળી.
  - બાળકો સમજપૂર્વકનું વાંચન-લેખન કરતા થયા.
  - એકમ કસોટી માટેનો પૂર્વ મહાવરો મળ્યો.
  - બાળકો સુંદર રીતે બાલગીત, વાર્તા કથન અભિવ્યક્ત કરતા થયા.

- બાળકો સહેલાઈથી અને સરળતાથી રમત રમતા-રમતા અને પ્રવૃત્તિ કરતા કરતા અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરે, તે માટે બનાંવેલ ગેમ એકમ મૂલ્યાંકન ગેમ અને પ્રવૃત્તિનો ઉપયોગ કરવાથી, વાંચન-લેખન-ગણન, વર્ગીકરણ, વર્ણન જેવી વિવિધ નિષ્પતિઓ સિદ્ધ કરવામાં સારું પરિણામ મળી રહ્યું છે.
- જુદી જુદી સર્જનાંત્મક પ્રવૃત્તિ કરવાથી, બાળકોમાં સર્જન, કલ્પનાં, અવલોકન, ચકાસણી, સુધારણા, વિચાર, ચર્ચા જેવી પ્રક્રિયામાંથી પસાર થવાની તક મળે છે.
- શાળામાં સર્જનાંત્મક પ્રવૃત્તિ દ્વારા વાર્તા-કથન, સંગીત-ચિત્રમાં શાળાનાં બાળકો સારો પ્રદર્શન કરીને નંબર પ્રાપ્ત કરી જિલ્લા સુધી કલા મહાકુંભમાં તો છેક પ્રદેશ કક્ષા સુધી સંગીતમાં ગયેલા.










- ઇનોવેટરનું નામ:- ખીમોરિયા શીતલબેન એમ.
- શાળાનું નામ:- પે સેંટર શાળા નં.-૨, ઊનાં.
  તાલુકો :- ઊનાં, જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 9727484176


## એક કદમ શિક્ષા કી ઓર

ગીર સોમનાંથ જિલ્લાનાં ઊનાં તાલુકાની ઊનાં પે સેંટર શાળા નં.-૨ માં ખીમોરિયા શીતલબેન એમ. ફરજ બજાવે છે. તેમની શાળા કોર્ટ વિસ્તારમાં આવેલી છે, જ્યાં ૯૫ % બાળકો મુસ્લિમ સમાજમાંથી આવે છે અને મોટાં ભાગનાં વાલીઓ મજૂરી કામ કરે છે અને શિક્ષણ પણ નહિવત મેળવેલું છે. આવી પરિસ્થિતિમાંથી આવતાં બાળકોમાંનાં ઘણા ખરાં બાળકો પૂરતી સગવડોનાં અભાવ છતાં પણ શીખવાની જીજ્ઞાસાવૃતિ તીવ્ર જોવા મળી. આ જિજ્ઞાસાવૃતિને સંતોષવા તેમનાં શિક્ષકશ્રી હમેશાં પ્રયત્નશીલ હોય છે.

વર્ષ ૨૦૨૧ થી રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત બધીજ શાળાઓમાં ગણિત-વિજ્ઞાન મંડળની માહિતી શૈક્ષણિક મુખપત્રમાં પ્રકાશિત કરવાની શરૂઆત થઈ જ્યારે પ્રથમ અંક પ્રકાશિત થયો ત્યારે તેમને અનુભવ્યું કે બધાજ બાળકો ગણિત-વિજ્ઞાન ને લગતી માહિતી સક્રિય રીતે ભાગ લેતા નથી તથા મુખપત્રમાં સમાવિષ્ટ વર્ણનાંત્મક માહિતીને ધ્યાનપૂર્વક વાંચતાં નથી, આથી તેમને વિચાર આવ્યો કે ગણિત-વિજ્ઞાનને લગતી વર્ણનાંત્મક માહિતી ટૂંકી રીતે રજૂ કરવામાં આવે અને એમાં એવી માહિતીનો સમાવેશ કરાય જે વિધાર્થિઓને અભ્યાસક્રમમાં પણ ઉપયોગી સાબિત થાય અને આ માહિતી રોજે-રોજ બોર્ડ પર રજૂ કરવામાં આવે તો બધાજ વિધાર્થિઓ સુધી આ માહિતી પહોંચાડી શકાય અને ગણિત-વિજ્ઞાન વિષયમાં રસ લેતાં કરી શકાય . ઉપરાંત ગણિત વિજ્ઞાન મંડળ યોજાતી ક્વીઝ સ્પર્ધા માં ભાગ લેતા કરી શકાય. આ માટે

શિક્ષક શ્રી એ વિજ્ઞાનીકો ની ઓળખ અને તેમની શોધો વિષે પરિચય આપવાનો શરુ કર્યો.ઉપરાંત તેમણે ગણિત – વિજ્ઞાનનાં સૂત્રો, ગણિતનાં સંકેતો, ગણિતની સંજ્ઞાઓ ઉપરાંત સામાન્ય જ્ઞાનને લગતાં પ્રશ્નોનો સમાવેશ કર્યો. રોજ એક વૈજ્ઞાનિક અને તેની શોધ વિશેની માહિતીનો પણ સમાવેશ કર્યો. સાથે – સાથે દિન વિશેષ અંતર્ગત પ્રતિભાશાળી વ્યક્તિ નો પરિચય આપવામાં આવ્યો. આજનાં ડિજિટલ યુગમાં પ્રોજેક્ટર પર પીરસાતી માહિતી વિધાર્થિઓને જોવી તો ગમે છે પરંતુ વાંચવી ગમતી નથી માટે વિધાર્થિઓને આ નવતર પ્રયોગ દ્વારાં બ્લેકબોર્ડ પર માહિતી પીરસવાનું શરૂ થયું. તેમની રસ-રુચિ વાંચનમાં જળવાય રહે તે માટે બોર્ડ પર પ્રશ્નો પૂછવાની પણ શરૂઆત થઈ. જે પ્રશ્નો બીજા દિવસે પ્રાર્થનાંસભામાં પૂછવામાં આવે છે. જે વિધાર્થિઓ આગલા દિવસે તૈયારી કરીને આવે છે. આ પ્રવૃતિમાં હોંશભેર વિધાર્થિઓ ભાગ લેતાં થયાં. નિયમિત પણે પ્રાર્થનાંસભા

પહેલા બોર્ડ પર લખાણ લખાય ગયેલ હોય. સૌથી પહેલા વાંચન કરવા વિદ્યાર્થિઓની હોડ જામી અને તેઓ નિયમિત સમયસર શાળા પરિસરમાં આવતા થયાં. પ્રશ્નોનાં જવાબો તૈયાર કરી તેમનાં જવાબો બોલતા થયા.

બોર્ડ પરનાં લખાણની બુકલેટ બાળકોએ બનાંવેલ છે તથા તેમનાં શિક્ષકશ્રી દ્વારા પણ ગણિત – વિજ્ઞાનને લગતી માહિતી એકત્ર કરવામાં આવેલ છે. જેનો ઉપયોગ વિદ્યાર્થિઓ કરે છે.












- ઇનોવેટરનું નામ :- ઝાલા નિતાબેન કરશનભાઇ
- શાળાનું નામ:- શ્રી રામનગર પ્રાથમિક શાળા

  તાલુકો :- ઉનાં, જીલ્લો :- ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર : - ૯૯૨૪૨ ૫૬૮૬૨


## "શાળાનાં દફતરો"

ગીર સોમનાંથ જિલ્લાનાં ઉનાં તાલુકાની ઉનાં શહેરમાં આવેલ શ્રી રામનગર પ્રાથમિક શાળાનાં શિક્ષિકા બેન નિતાબેન કે. ઝાલાની સમસ્યા એ હતી કે એકમ કસોટીમાં અધ્યયન નિષ્પતિઓ આધારિત સુચનો લખવામાં સમયનો વધારે વ્યય થતો હતો. આ સમસ્યા તેઓનાં સમગ્ર સ્ટાફની પણ હતી. તેમજ શાળાકીય ઘણી બધી બાબતોને લીધે બાળકોને કંઇક અલગ પ્રવૃતિ કરવાનો તેમજ અલગ શીખવવાનો સમય ન હતો. તેમજ શાળાની ઘણી પ્રવૃતિઓની ફાઇલો ખાલી વર્ષ પુરતી જ મર્યાદિત રહી જતી હતી.

આ સમસ્યાનાં સમાધાન માટે સૌ-પ્રથમ શાળાનુ વાર્ષિક કેલેન્ડર બનાંવ્યુ. તેનાં પરથી શાળાની વાર્ષિક પ્રાર્થનાં સભાની ફાઇલ બનાંવી. તેમજ એકમ કસોટીની ધોરણ ૩ થી ૮ ની અધ્યયન નિષ્પતિનાં બોક્ષ બનાંવ્યા. તેમજ દર વર્ષે શાળામાં થતી પ્રવૃતિઓ અને શાળામાં ઉજવાતા કાર્યક્રમ ની કાયમી સચવાય તેવી ફાઇલો બનાંવી.

આમ, શાળાનાં ઘણા બધા કામો સરળ થવાથી બાળકોને એવી બીજી ઘણી સ્પર્ધાઓ, પ્રવૃતિઓ કરાવવામાં આવી. જેથી બાળકોનો સ્પર્ધા અને પ્રવૃતિઓ પ્રત્યેનો ડર દુર થયો અને તેઓનાં વર્તન અને વ્યવહારમાં પણ સુધારો થયો. બાળકોનાં પ્રોત્સાહન માટે બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. જેથી શાળાનાં મોટાભાગનાં બાળકો શાળાની તમામ સ્પર્ધાઓ, પ્રવૃતિઓ, કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેતા થયા.

આ તમામ ફાઇલો શાળા માટે કાયમી ધોરણે તૈયાર થઇ ગઇ અને બાળકો પ્રવૃતિથી સ્પર્ધા તરફ આગળ વધી પ્રવૃતિ અને સ્પર્ધામાંથી કંઇકને કંઇક શીખતા થયા.

### ઉપયોગીતા

- એકમ કસોટીનુ કામ સરળ થયુ.
- શાળામાં કાયમી સચવાય તેવી ફાઇલો તૈયાર થઇ
- અલગ-અલગ પ્રમાણપત્રો બન્યા જેથી બાળકોનો ઉત્સાહ વધ્યો
- બાળકોની નિયમિતતામાં વધારો થયો.
- બાળકોનાં વર્તન વ્યવહારમાં સુધારો થયો.







શ્રી રામનગર પ્રાથમિક શાળા-ઉના

પ્રમાણપત્ર

આથી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, કુમાર/કુમારી____________ધોરણ- ______ એ તા.__________ ના રોજ અમારી શાળામાં યોજાયેલ ____________સ્પર્ધા/કાર્યક્રમ માં સક્રિયપણે ભાગ લીધેલ હતો અને તેની ઉત્તમ પ્રતિભા દર્શાવેલ છે. જે બદલ અભિનંદન પાઠવવામાં આવે છે. આપ ભવિષ્યમાં વધુ સફળતા મેળવો તેવા આશીર્વાદ અને અભિનંદ સહ આ પ્રમાણપત્ર પાઠવવામાં આવે છે.

તા. / /૨૦૨

શ્રી રામનગર પ્રાથમિક શાળા - ઉના -

આચાર્યની સહી




| ક્રમ | અ.નિ. | ✓ | ? | X |
|---|---|---|---|---|
| G707 | સમાચારપત્રો, સામાયિકો, રેલવે, બસ સમયપત્રક, કોષ્ટક, ટાઈમટેબલ વગેરે જેવી વિગતો વાંચે છે તથા જરૂરી વિગતો તારવે છે. | | | |
| G711 | સાંભળેલી કે વાંચેલી અુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે. | | | |
| G714 | યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વાતચીત, ઘટના કે પ્રસંગનુ વર્ણન લખી શકે છે. | | | |
| G715 | કાવ્ય મુખપાઠ, કાવ્યપૂર્તિ, વિચાર વિસ્તાર, સુકિત, કહેવતો સમજે છે અને લખે છે. | | | |
| G719 | સમાનાર્થી શબ્દો, વિરૂદ્ધાર્થી શબ્દો, વચન, કાળ, વાકયના પ્રકાર, સંજ્ઞાવિશેષણ, વિરામચિહનો, જોડણી સહિત એક વિભાગ પસંદ કરી સુચના મુજબ ફેરફાર કરીને લખો. | | | |




- ઇનોવેટરનું નામ:-ડાભીઅર્જુનભાઈ બાબુભાઈ
- શાળાનું નામ:-શ્રી ખડા પ્રાથમિક શાળા

  તાલુકો :- ઉનાં , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-8264832143


## આતો મને આવડે છે !

નમસ્કાર,ગીર સોમનાંથ જિલ્લાનાં ઉનાં તાલુકાનાં દરિયા કાંઠાનુ માચ્છીમારીનાં ધંધા સાથે જોડાયેલુ ગામ એટલે ખડા.કહેવાય છે કે ખડા ગામ એક સમયે સરકાર નાં ચોપડે પણ નહોતુ ચડ્યુ એટ્લુ અંતરિયાળ આ ગામ છે.આ ગામમા આજથી 1 વર્ષ અને 3 માસ પહેલા ગામમાં નવા શિક્ષક અર્જુનભાઈ ડાભી આવ્યા જેઓ બોટાદ જિલ્લાનાં રાણપુર તાલુકાની શ્રી સાંગણપુર પ્રાથમિક શાળામાં 7.5 વર્ષ થી આચાર્ય તરીકે ફરજ બજાવી અને જિલ્લાફેર બદલીથી ગીર સોમનાંથ જિલ્લામા તારીખ 14/06/2022 નાં રોજ હાજર થયા.પોતાની ભણવાની ઉંમર પુરી નથી થઈ ત્યાતો અર્જુનભાઈ ને પોતાને ભણાવવા માટેની જવાબદારી આવી ગઈ.પરંતુ પોતાની કમનસીબી કે સદભાગ્ય જે ગણો તે અર્જુનભાઈ હાજર થતાની સાથે જ આચર્ય બની ગયા અને પોતાને ભણાવવાનો અનુભવ ખુબ જ ઓછો મળ્યો, પરંતુ હા તેઓ વહીવટી કુશળતા ખુબજ ધરાવે છે.

તેઓ જ્યારે ખડા પ્રાથમિક શાળામા હાજર થયા ત્યારે તેઓને ધોરણ 3 નો વર્ગ સોપવામા આવ્યો,ધોરણ 3 નો વર્ગ એટલે જે કોરોનાં સમયે જેમણે શાળા જોઈ જ નથી તેવા બાળકો.અર્જુનભાઈ એ જ્યારે વર્ગનો સંપુર્ણ અભ્યાસ કર્યો ત્યારે અમને ખ્યાલ આવ્યો કે વર્ગ નાં 48 બાળકો માથી માત્ર 1 જ બાળકને માત્ર અંક જ્ઞાન હતું અને બાકી નાં 47 બાળકો અંક જ્ઞાનથી પણ વંચિત હતા.તો તેમણે નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું અને તેમનું નામ આપ્યું "આતો મને આવડે છે" આમ પાયાનાં શિક્ષણ માટે જુની પ્રજ્ઞા વર્ગની સ્વ-અધ્યયન પોથી શોધી બધા બળકોને આપી અને એક પ્રજ્ઞા વર્ગ જેવુ વાતાવરણ ઉભુ કરવામાં આવ્યુ.

તમામ બાળકોને રોટેશનમાં અભ્યાસ કરાવવાનું ચાલુ કર્યું.જેમ જેમ બાળકો માઇલ સ્ટોન સિધ્ધ કરતા જાય તેમ તેમ અર્જુનભાઇ દ્વારા નિર્માણ કરેલ ટી.એલ.એમ.ની મદદની અંક જ્ઞાન,સંખ્યા જ્ઞાન,સરવાળા,બાદબાકી,નાંની-મોટી સંખ્યા ઘડિયા,ગુણાકાર,ભાગાકાર વગેરે જેવા ટી.એલ.એમ.ની મદદ થી બાળકો સરળતાથી જવાબ આપે છે.અને અંતે એકમ કસોટીમા ખુબ સારુ એવુ પરિણામ મળેલ છે.જે તેમણે લીધેલ ૦૬/૦૮/૨૦૨૨ તથા ૧૮/૦૮/૨૦૨૩ ની એકમ કસોટીનાં પરિણામ તથા લેખન પધ્ધતિ પરથી ખ્યાલ આવે છે.

- ઇનોવેટરનું નામ:-સંદિપભાઈ જાદવભાઈ સોલંકી
- શાળાનું નામ:- બી.આર.સી.ભવન-વેરાવળ
  તાલુકો :-વેરાવળ , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 9974440608




## સત્રાંત કસોટી પ્રેક્ટિસ પેપર

ગીરસોમનાંથ જિલ્લાનાં વેરાવળ તાલુકામાં બીઆરસી ભવનમાં બી.આર.સી તરીકે ફરજ બજાવતા સાહેબ શ્રી સંદિપભાઈ સોલંકી જેઓ શિક્ષકો માટે એક પ્રેરણા સ્ત્રોત સમાન છે અને દરેક શિક્ષક માટે ઉત્સાહનું પ્રેરકબળ છે

સંદિપભાઈ એ શિક્ષકોને હંમેશા કાર્યરત અને ઝળહળતા રાખી વેરાવળ તાલુકાનાં શિક્ષકોને શિક્ષણલક્ષી તેમજ પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે હમેશા પ્રયત્નશીલ રહ્યા છે,જેમાં પરીક્ષાલક્ષી સંપૂર્ણ માર્ગદર્શનનાં મુખ્ય હેતુને ધ્યાનમાં રાખીને એક નવતર પ્રયોગનો પ્રયાસ કર્યો, જેથી આ સંદર્ભે તેમણે સત્રાંત પરીક્ષાનાં પેપરોનાં બ્લુપ્રિન્ટ મુજબનાં question તેમજ Answer paper તૈયાર કર્યા અને પરીક્ષા પહેલા જ દરેક વિષયનાં પેપરો બાળકોને ભરાવી પ્રેક્ટિસ તેમજ પુનરાવર્તન પૂરૂં પાડ્યું જેમાં નબળા બાળકોની ટકાવારી અક્ષર ઝડપમાં ઘણો ફાયદો જોવા મળ્યો.

તેમજ બાળકોને વાર્ષિક પરીક્ષામાં પેપર કેમ ભરવા,કેટલી ઝડપથી ભરવા વગેરે ઉણપોને પહેલેથી જ સુધારી લેવામાં આવી અને આ પ્રયોગથી બાળકોની ટકાવારીમાં ઘણો ફાયદો જોવા મળ્યો.

ઘણા વાલીઓનાં પ્રશ્નો હતા, મારું બાળક તો હોશિયાર છે છતાં સારો ગ્રેડ કેમ નથી આવતો અને નબળા બાળકનો આવે છે,પરંતુ હકીકત એ હોય છે કે જે બાળક મૌખિક ઉત્તર આપે તે યોગ્ય પદ્ધતિથી લખી શકતા નથી તો આવા બાળકોને આ પ્રેક્ટિસ પેપર દ્વારા યોગ્ય માર્ગદર્શન મળ્યું. પેપર કેમ લખાય, ભાષા શુધ્ધિ વગેરે ઊણપો સુધારી લેવામાં આવી અને ઘણા અંશે ફાયદો થયો, આ બધું કરવામાં શિક્ષકોનો પણ પ્રશ્ન હતો કે આટલા પેપરો ચેક ક્યારે કરી લેવા ? તો આ પેપરો બાળકો જ અંદરોઅંદર એકબીજાનાં પેપરો લઈ શિક્ષક સોલ્યુશન આપે તે મુજબ ચેક કરે છે તો આ પ્રશ્નનું સોલ્યુશન પણ આ નવતર પ્રયોગમાં આપેલું છે.

ફાયદા :

આ પ્રયોગથી બાળકોનો આત્મવિશ્વાસ ખૂબજ વધ્યો, પોતાની ભૂલો પોતે જ સુધારવામાં મહદઅંશે સફળ થયા,પેપર લખવામા આત્મવિશ્વાસ વધ્યો તેમજ સત્રાંત કસોટી પહેલા બાળકોને મહાવરો થયો, તો આવો નવતર પ્રયોગ આપવા બદલ હુ ઇન્દ્રોઇ પ્રાથમિક શાળાનો શિક્ષક શ્રી અરવિંદ રામ સંદીપભાઈ (બી.આર.સી)નો હૃદય પૂર્વક આભાર માનુ છુ.

17


❖ **ઇનોવેટરનું નામ:-** ટાંક કપિલાબેન હિરાલાલ

❖ **શાળાનું નામ:-** ડારી પ્રાથમિક શાળા

**તાલુકો** :- વેરાવળ , **જીલ્લો** :- ગીર સોમનાંથ

❖ **મોબાઈલ નંબર** :- 9429995100




## અનોખી ભેટ

કપિલાબેન ટાંક ગીર સોમનાંથ જિલ્લાની વેરાવળ તાલુકાની ડારી પ્રાથમિક શાળામાં 2010 થી પ્રજ્ઞા વર્ગમાં ભાષા શિક્ષક તરીકે કામ કરે છે. પ્રજ્ઞા વર્ગમાં દર વર્ષે 50 ની આસપાસ સંખ્યા હોવા છતાં સુંદર રીતે વર્ગ કાર્ય કરવામાં આવે છે.

બહેનશ્રી એ તેમનું ઇનોવેશન Best out of waste અંતર્ગત નકામી વસ્તુનાં ઉપયોગ દ્વારા તેમજ સફળતાની સીડી ઇનોવેશન માં સફળતા મેળવવા તેમજ અનોખી ભેટ ઇનોવેશન અંતર્ગત 300 જેવા શૈક્ષણિક રમકડાઓ, એકાગ્રતા વધારે તેવા રમકડા, તેમજ તર્ક શક્તિનો વિકાસ કરે તેવી ગેમ અને પઝલ બનાંવેલ છે.

વર્તમાન સમયમાં બાળકો ઘરે વધુમાં વધુ મોબાઇલમાં ગૂંચવાયેલા રહે છે. બાળકો મોબાઇલ નો ઉપયોગ વિડીયો ગેમ રમવામાં સૌથી વધારે કરે છે. આ ભયંકર લતમાંથી બાળકોને બહાર લાવવા ખૂબ જ જરૂરી છે. માટે બહેનશ્રી ને વિચાર આવ્યો કે જો શાળામાં બાળકોનું સન્માન આવી ગેમ, પઝલ કે રમકડું ભેટ રૂપે આપીને કરવામાં આવે તો...! માટે તેઓએ તેમનું ઇનોવેશન અનોખી ભેટ વર્ગમાં અને શાળામાં અમલમાં મુકેલ છે.

- પ્રજ્ઞા વર્ગમાં દર મહિને સો ટકા હાજરી ધરાવનાંર બાળકોને ભેટ આપવામાં આવે છે.
- ધોરણ 3 થી 5 માં નિયમિતતા, શિસ્ત અને સ્વચ્છતા ધરાવતા ત્રણ બાળકોને આદર્શ વિદ્યાર્થી ભેટ આપવામાં આવે છે.
- શાળામાં સર્જનાંત્મક કૃતિ બનાંવનાંર બાળકોને તેમજ ગેમ અને પઝલ બનાંવતા બાળકોનું સન્માન કરવા અનોખી ભેટ આપવામાં આવે છે.પ્રજ્ઞા વર્ગમાં બાળકોને જન્મદિવસની ભેટ આપવામાં આવે છે.
- સર્જનાંત્મક કૃતિઓ તૈયાર કરતી દીકરીઓનાં વાલીઓને અનોખી ભેટ આપી સન્માન કરવામાં આવે છે.

<u>પરિણામ</u> " અનોખી ભેટ ઈનોવેશન અમલમાં મુકવાથી "

- વર્ગમાં હાજરી નિયમિતતામાં વધારો થયેલ છે.
- આદર્શ વિદ્યાર્થી ભેટ આપવાથી બાળકોમાં નિયમિતતા,સ્વચ્છતા અને સ્વયંશિસ્તમાં સુધારો જોવા મળેલ છે.

- સર્જનાંત્મક કૃતિ બનાંવનાંર બાળકોને ભેટ આપવાથી તેમનો ઉત્સાહ વધે છે.
- ગેમ અને પઝલ બાળકો દ્વારા બનાંવવાથી તેમની સર્જન શક્તિનો વિકાસ થાય છે તેમજ આ ગેમ અને પઝલ વડે રમવાથી તર્કશક્તિનો વિકાસ થાય છે.
- ધોરણ 6 થી 8 ની દીકરીઓએ બનાંવેલ કૃતિ દ્વારા વાલીઓનું સન્માન કરવાથી શાળામાં થતી સુંદર કામગીરીની વાલીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવે છે.
- મોબાઇલમાં રમાતી પઝલ-ગેમ ભેટ રૂપે આપવાથી બાળકોને મોબાઇલનાં વધારે પડતા લગાવથી દૂર કરી શકાય છે.
- બાલવાટિકા વર્ગનાં બાળકો પણ વર્ગમાં અવનવા રમકડાથી રમીને ખૂબ જ આનંદિત બને છે.












- ઇનોવેટરનું નામ:-કરંગિયામણીબેનઅરજણભાઇ
- શાળાનું નામ:- શ્રી દેદા પ્રાથમિક શાળા

  તાલુકો :- વેરાવળ,જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-9925576492




## સ્વરચિત બાળગીતો, કાવ્યોનાં સથવારે શિક્ષણ

કરંગીયા મણીબેન અરજણભાઈ દેદા પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે તેઓશ્રી જયારથી દેદામાં પ્રજ્ઞાવર્ગ ચાલુ થયો ત્યારથી પોતાની રીતે બાળગીતોની રચનાં કરીને બાળકોને સરસ અભિનય સાથે ગીતો ગવડાવે છે બાળકોને પણ ખૂબ જ મજા આવે છે અને રસ લેતા થયા છે

પ્રજ્ઞા વર્ગમાં અને બાલવાટિકામાં બેનશ્રી એક જ શિક્ષક તરીકે કામગીરી કરે છે બંને વિષયો અનુરૂપ પોતાની સુઝબુઝ મુજબ ગીતોની રચનાં કરીને બાળકોને હસતા રમતાકૂદતા જ્ઞાન પીરસે છે બાળકોને પણ ભારણરૂપ જરાય લાગતું નથી ગમત સાથે જ્ઞાન પીરસે છે. બાળકો બેન સાથે ખૂબ હળવાશથી આત્મિયતા કેળવે છે

બેનશ્રી પોતાનાં ધોરણ સિવાયનાં એટલે કે ત્રણથી આઠ ધોરણનાં બાળકોને પણ જ્ઞાન પીરસે છે પ્રાર્થનાંમાં જાણવા જેવા ગીતો ગવડાવીને બેન પ્રશ્નોત્તરી પણ કરે છે અને બાળકો સરળતાથી સાંભળીને જવાબો આપે છે.

બેનશ્રી રામાયણ, ધાર્મિક ધુનો ગવડાવે છે અને બાળકોમાં મૂલ્ય શિક્ષણનું સિંચન થાય છે રામ, કૃષ્ણ, સીતા, રાધા, દ્રૌપદી ,પાંડવો, કૌરવો, સંતો, કૃષ્ણનાં ચરિત્ર, કૃષ્ણ લીલા વગેરેથી માહિતગાર થાય છે ગીતાનાં 18 અધ્યાયનાં નામથી પરિચિત થાય છે.

બેનશ્રી કોઈ ઘટનાં વાવાઝોડું પ્રસંગ, આપતી એટલે રોગો વગેરેથી ગીતો રચીને બધા બાળકોને માહિતગાર કરે છે. મતદારનાં નિયમોથી માહિતગાર કરે છે,રોગોથી સાવચેતી કેવી રીતે રાખવી વગેરે ગીતો રચીને ગાઈને બાળકોને વાકેફ કરે છે.

બેનશ્રી વાર્તા પરથી ગીતો અને અભિનય ગીતો ગવડાવે છે બાળકોમાં ખૂબ જ સારું પરિણામ જોવા મળે છે.

- ઇનોવેટરનું નામ:-પરમાર સોનલબેન પ્રતાપભાઇ
- શાળાનું નામ:- મ્યુ.ગર્લ્સ હાઇસ્કૂલ,કોડીનાંર
  તાલુકો :- કોડીનાર જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- ૯૮૨૪૫૭૦૪૯૧




## સ્ત્રી પુરૂષની અંતઃસ્ત્રાવી ગ્રંથીઓ

નમસ્કાર,ગીર સોમનાંથ જિલ્લાનાં કોડીનાંર તાલુકાનાં મ્યુ.ગર્લ્સ હાઇસ્કૂલ શાળામાં આજથી લગભગ ૧૫ વર્ષ પહેલા શાળામાં મનોવિજ્ઞાન વિષયમાં સોનલબેન પી પરમાર નામનાં એક શિક્ષિકાએ તારીખ:-૦૭/૧૦/૨૦૦૮ નાં રોજ શાળામાં દાખલ થયા પોતે પી.એચડી થયેલા એટલે પોતાનાં વિષયમાં પારંગત તેમને તો પહેલા દિવસથી જ શાળાનાં ૧૧ અને ૧૨ નાં વિધાર્થિઓની કમાન તેમનાં હાથમાં લઈ લીધી થોડોક સમય પસાર થતાં તેમને માલુમ થયુ કે વિધાર્થિની બહેનો મનોવિજ્ઞાન વિષયમા ઓછો રસ ધરાવે છે.વિષય થી ડરે છે અને ખુબજ ઓછા પ્રમાણમાં આ વિષય રાખવાનું પસંદ કરે છે.

એક દિવસ વર્ગમાં તેઓ અભ્યાસ કરાવતા હતા ત્યારે તેમને નોધ્યું કે વિધાર્થિની બહેનો વારસા અને અંતઃસ્ત્રાવી ગ્રથીંઓનાં અભ્યાસ વખતે શરમ અને સંકોચ અનુભવે છે. પ્રશ્ન પુછી શકતી નથી આ માટે તેમને શું કરવાથી વિધાર્થિની શરમ અને સંકોચ દુર થાય તેનાં વિશે વિચાર્યું.આ માટે તેમણે જુદા-જુદા કલરફુલ ચાર્ટ તૈયાર કરી અભ્યાસ કરાવવા લાગ્યા.જુથ ચર્ચા ગોઠવી જેનાંથી ઘણો ફાયદો થયો.આ નવતર પ્રયોગ અમલમાં મુક્યા બાદ બધા જ વિધાર્થિની બહેનો નો સારો પ્રતિસાદ મળ્યો .હવે તેમને અભ્યાસ માં શરમ અને સંકોચ થતાં નથી.પ્રશ્ન પણ પુછી શકે છે અને જુથ ચર્ચામાં પણ ભાગ લે છે.

આ ઇનોવેશન ધો.૧૧ની તમામ વિધાર્થિનીઓ કે જેમને સામાન્ય પ્રવાહમા મનોવિજ્ઞાન વિષય રાખેલ છે તે તમામ ને ઉપયોગી માહિતી પુરી પાડે છે. શરુઆત માં માત્ર ૫ થી ૧૦ % વિધાર્થિની બહેનો જ અભ્યાસ માં રસ લેતી જે હવે ૮૦% જેટલું પ્રમાણ જોવા મળે છે. વિધાર્થિની બહેનોમાં શરમ અને સંકોચ દુર થયા.ધો.૧૧ નાં તમામ વિધાર્થિઓ કે જેમને સામાન્ય પ્રવાહમા મનોવિજ્ઞાન વિષય રાખેલ છે તે તમામને ઉપયોગી માહિતી પુરી પાડે છે.









- ઇનોવેટરનું નામ:-શ્રી રામસિંહભાઈ બારડ
- શાળાનું નામ:- શ્રી માધ્યમિક શાળા પેઢાવાડા
  તાલુકો :- કોડીનાંર , જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-9228379293




## લોક ભાગીદારી દ્વારા શાળા વિકાસ

શાળામાં ગત વર્ષે 9/10 માં 65 બાળકો હતા આજે 110 જેટલા બાળકો શાળા એ આવતા થયા છે અને નિયમિતતા વધતી રહી છે.

લોક સહયોગ 0% હતો આજે પાંચ લાખ જેવું દાન મળી ચૂક્યું છે. વળી આર્થિક / સમયદાન આપે છે,દાન મળેલ છે. જેનાં કારણે પ્રાયોગિક પ્રયોગ શાળા,અદ્યતન લાઈબ્રેરી,ડિજીટલ બોર્ડ,પ્રોજેકટરો,અત્યાધુનિક સાધનો તેમજ સુવિધા વધારે તેમજ સતત વાલી સંપર્ક દ્વારા શાળા માં વિદ્યાર્થીની સંખ્યા ખૂબ જ સારા પ્રમાણમાં વધારે તેમજ મોટીવેશન સ્પીચ માટે બહારથી વિષય નિષ્ણાંતો શિક્ષકોનું સતત માર્ગદર્શન આપવામાં આવે છે. તથા યુનિટ ટેસ્ટ ડેઈલિ ટેસ્ટ, વિકલી ટેસ્ટ, એકમ કસોટી ગણિત વિજ્ઞાન પ્રયોગો તેમજ પ્રવૃતિ દ્વારા શિક્ષણ,સ્પર્ધાત્મક પરીક્ષા માહિતી, તાલુકા નાં વિષય/પ્રવૃતિ શ્રેષ્ઠ શિક્ષકોને આમંત્રણ આપી બાળકોને મોટીવેશન આપે છે શાળા A ગ્રેડ બને તેવા પ્રયત્નો કરીશું. શાળા આયોજન મુજબ સ્પોર્ટ ડે, સાયન્સ ડે, સામાજિક સેવા માટે નાં કાર્યક્રમ, રક્તદાન સૂત્રો લેખન , વ્યસન મુક્તિ નાં પ્રયત્ન થશે, વાર્ષિક ઉત્સવ ઉજવણી દ્વારા લોકો ને માધ્યમિક શાળા માં થતી પ્રવૃતિ વિશે જાણ કરશું, ઉચ્ચસ્તરીય માળખાગત સુવિધા ઊભી કરવી. ગ્રામ્ય કક્ષા એ ઉચ્ચ ગુણવતાયુક્ત શિક્ષણ આપવું.નબળા બાળકોને વધારાનાં સમયમાં શિક્ષણ કાર્ય કરાવીશું.નબળા બાળકો માટે વધારાનાં સમયમાં શિક્ષણ કાર્ય કરાવવામાં આવે છે. આજે અમારી શાળા મોડેલ સ્કૂલ તરીકે પ્રસ્થાપીત થઈ.બાળકો ની સંખ્યા વધે અને શિક્ષકો ઓ.પી. નાં થાય વળી શાળા ની ભૌતિક અને શૈક્ષણિક જરૂરિયાતો પૂરી થાય તે માટે ....

ઘણા વર્ષો ની સર્વિસ પછી જોયું કે અમારી માધ્યમિક શાળા પેઢાવાડા છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણ તેમજ શૈક્ષણિક પ્રવૃતિ અન્ય ખાનગી શાળાઓ કરતાં બધી રીતે પાછળ રહી ગઈ છે, આ માટે બાળકોની ધોરણ 9 અને 10 સંખ્યા પણ ઓછી થઈ રહી છે આ માટે અમે શિક્ષકોએ ચર્ચા આયોજન કર્યું માધ્યમિક શાળા નું શા માટે અગાઉ નાં આચાર્યશ્રી નિવૃત થતાં મારા ભાગે આવ્યું મે શ્રેષ્ઠતમ શિક્ષણ કરી બતાવવાનો પ્રણ લીધો.શ્રી પેઢાવાડા આચાર્ય તેમજ સ્ટાફ નાં સહયોગ/સમજાવટ / સહકારથી સરકારી શાળા આપણી શાળા સમજી સંખ્યા માં ભારે વધારો કરી શક્યા છીએ.

શાળામાં ગ્રાન્ટ નાંણાકીય ખર્ચ વધુ ન મળવાથી મૃતપ્રાય શૈ. પ્રવૃતિ રમતનાં સાધનો શૈ. સામગ્રી નું નિર્માણ લોક સહયોગથી શક્ય બન્યું છે,બાળકોનાં વાલી/દાતાશ્રીઓને પ્રસંગોપાત શાળાએ બોલાવી વાલી મિટિંગ બોલાવી શૈ.પ્રવૃતિ/SMCની મુલાકાતથી શાળા પ્રત્યે લોક સહયોગ પ્રબળ બન્યો છે. પરિણામે અમારી શાળામાં આજે સંખ્યા ગ્રાફમાં વધારો થયો તેમજ ધોરણ 10 નાં પરિણામમાં પણ ઉતરોતર વધારો થયો છે.

# શ્રી માધ્યામિક શાળા પેઢાવાડા












- ઇનોવેટરનું નામ:- જગદીશભાઈ ડી. પટાટ
- શાળાનું નામ:- સરકારી મોડેલ સ્કુલ-ગોરખમઢી
  તાલુકો :- સુત્રાપાડા     જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :-૯૬૮૭૮ ૭૨૮૮૩


## ગમ્મત સાથે ગણિત

નમસ્કાર, ગીર સોમનાંથ જિલ્લાનાં સુત્રાપાડા તાલુકામાં આવેલ સરકારી મોડેલ સ્કુલ ગોરખમઢી ખાતે તા.૧૪ જુન ૨૦૨૨ નાં રોજ અરવલ્લી જિલ્લાનાં મેઘરજ તાલુકાની સરકારી મોડેલ સ્કૂલ-મેઘરજમાંથી બદલીથી આવેલ ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી જગદીશભાઇ પટાટ દ્વારા એમની નોકરીની શરૂઆત દરમ્યાન અનુભવ્યું કે ધોરણ ૯ અને ૧૦ નાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં પાયાકીય જ્ઞાનમાં ખુબ જ નબળા હોવાનાં કારણે ગણિત વિષય વિદ્યાર્થીઓ માટે ખુબજ કંટાળાજનક હતો  અને એસ.એસ.સી. બોર્ડમાં તેમની શાળાનું ગણિત વિષયનું પરિણામ મહત્તમ ૪૦% ની આસપાસ આવતું.

આથી વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યેનો અણગમો કોઇપણ રીતે દુર કરવો એવું મનોમન જગદીશભાઇએ નક્કી કર્યું  અને ઘણા મનોમંથન બાદ તેમણે ગણિતનાં સૂત્રો અને પાયાકીય ખ્યાલો વાર્તા સ્વરૂપે અને પ્રવૃતિ આધારિત ભણાવવાનું શરૂ કર્યું ત્યારે વિદ્યાર્થીઓનાં ચહેરા ઉપર ખુબ જ આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી અને પરિણામ એ આવ્યું કે ધીમે ધીમે વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ લેતા થયા અને ગણિત પ્રત્યેનો અણગમો દુર થવા લાગ્યો વર્ષ ૨૦૧૮ તેમની ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકેની નિમણુંક  પહેલા  બોર્ડમા તેમની શાળાનું  ગણિત વિષયનું જે પરિણામ ૪૦% ની આસપાસ આવતું એ વધીને ૨૦૨૩ સુધીમાં ૯૦% ની સુધી પહોંચી ગયું.આમ આ પરિણામ ઉપરથી તથા વિદ્યાર્થીઓનો ગણિત પ્રત્યેનો અભિગમ બદલાવાથી આપણે ચોક્કસથી કહી શકીએ કે જો વિદ્યાર્થીઓને હસતા હસતા મનોરંજન સાથે ગણિત પીરસવામાં આવે તો દરેક વિદ્યાર્થી ગણિતમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી શકશે અને આજીવન ગણિત એમને યાદ રહેશે....ધન્યવાદ.





| વર્ષ | ગણિત પરિણામ |
|---|---|
| March 2016 | 40.00% |
| March 2017 | 36.59% |
| March 2018 | 64.10% |
| March 2019 | 67.14% |
| March 2020 | 68.89% |
| March 2021 | 100%(કોરોનાં) |
| March 2022 | 80.68% |
| March 2023 | 94.87% |








- ઇનોવેટરનું નામ:- ઉપાધ્યાય રાહુલ એન.
- શાળાનું નામ:- શ્રી સરસ્વતી વિદ્યા મંદિર-સુપાસી
  તાલુકો :- વેરાવળ જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 8866552525


## સુચારુ શાળા સંચાલન માટે સમિતિ

અધ્યાપન અધ્યયન કાર્ય કરવા માટે શિક્ષકો સંપૂર્ણ ધ્યાન આપી શકે અને આ સમિતિની રચનાં દ્વારા વિવિધ કાર્ય સુચારું રહે જેથી કરીને જે તે શિક્ષક જે તે જવાબદારી પૂરતું ધ્યાન રહે અને શિક્ષકો પોતાનાં અધ્યયન કાર્ય પર ધ્યાન આપી શકે. ઉપરાંત વિદ્યાર્થીઓને પણ દરેક બાબતો છે સરળતાથી તેનો ઉકેલ અને સંપૂર્ણ શાળા વ્યવસ્થા પણ સારું રહે એ હેતુથી વિવિધ સમિતિઓની રચનાં કરવામાં આવેલ છે.

શાળામાં કુલ વિવિધ 15 થી વધારે દર વર્ષે જરૂરિયાત મુજબ સમિતિમાં વધારો ઘટાડો કરી શકાય તે મુજબ વિવિધ સમિતિઓનાં નામ સમિતિનાં સંયોજક અને તેની સાથે રહેલા વિદ્યાર્થી મંડળનાં જે તે વિદ્યાર્થીઓનાં સભ્યો એમ મળી એક સમિતિ રચવામાં આવે છે. જે સમિતિ દ્વારા જે તે સમિતિનાં સંયોજક તે સમિતિને અનુકૂળ તેવા તેમાં લાગુ પડતા વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ વિદ્યાર્થીઓને પસંદ કરી તે સમગ્ર સમિતિનું કાર્ય સંચાલન કેવી રીતે થશે તેની સંપૂર્ણ માહિતીથી એ વિદ્યાર્થી જૂથને માહિતગાર કરેં છે. અને સમગ્ર વર્ષ દરમિયાન એ સમિતિ કેવી રીતે કાર્ય કરશે તેની કઈ કઈ ફરજો છે કઈ કઈ સમસ્યાઓ ઉભી થાય ત્યારે ક્યાં ક્યાં પગલાં લેવા અથવા તેનું નિવારણ કેવી રીતે કરી શકાય તેનાં વિશે સંપૂર્ણ માહિતી સંકલન સમિતિનાં સંયોજક દ્વારા વિદ્યાર્થીઓ પાસે આવતો કોઈ નવીનતમ પ્રશ્ન હોય તો તેનું સુચારુ રૂપે ગુજરાતી સમાધાન થઈ શકે તેવું આયોજન જે તે સમિતિ દ્વારા કરતા હોય છે ? રહેલા જે તે સમિતિનાં સંયોજક જવાબદારી હોય તેની ઉપર શાળા સુચારુ સંચાલન માટે ની કોઈ વધારાનો ભાર આવતો નથી અને કાર્ય વહેંચણી થઈ ગઈ હોવાને કારણે ઉદાહરણ તરીકે વિદ્યાર્થીઓને પ્રવાસ પર્યટન અંગે ની કોઈ પણ માહિતી જોઈતી હોય અથવા તેનાં વિશે જાણવું હોય તો એનાં જે તે શિક્ષક છે તે તેમનો સંપર્ક કરેં અને તે સંયોજક શિક્ષક પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે સંપૂર્ણ રીતે સતત તત્પર રહેતા હોય છે.

વિદ્યાર્થીઓને જેતે પ્રશ્ન માટે ફ્લેક્સ બેનરમાં દર્શાવેલા શિક્ષકોની યાદી મુજબ તે શિક્ષકનો સંપર્ક કરવાથી એ કાર્ય સરળ બને છે.વિદ્યાર્થીઓને સમગ્ર સારા અભ્યાસક્રમ દરમિયાન ઉદ્ભવતી સમસ્યાઓ તુરંત જ નિરાકરણ મળે છે

- વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનાં વાલીને શાળા સંચાલન અંગે કોઈપણ પ્રશ્ન નિરાકરણ માટે ખુબજ સરળ અને ઓછા સમયની અંદર પોતાનું કાર્ય થઇ જાય છે,,,,,, શાળામાં શિક્ષકોની સમય અને શક્તિનો

બચાવ થાય છે.શાળામાં વિદ્યાર્થીઓને તેમજ તેમનાં વાલીઓ માટે સમયનો બચાવ કાર્ય ઝડપી થાય અને સુવ્યવસ્થિત કાર્ય થાય છે.

સમગ્ર શાળામાં વિવિધ સમિતિઓનાં સંયોજકો દ્વારા જે તે સમિતિ રચાતી હોવાને કારણે તેમાં દર વર્ષે વધુ સારા સુધારાઓ થી કાર્ય વધુ સરળ બનતું હોય છે ઉદાહરણ તરીકે પ્રાર્થનાં સભામાં છે જેમાં વિદ્યાર્થી માત્ર 2 કે 3 મિનિટમાં પૂર્ણ થતી એક વાર્તા રજૂ કરેં છે ભજન,ગીત,,સુવિચાર, સમાચાર, જાણવા જેવું ઉપરાંત આજની વાર્તા એવો એક વિષય પણ લેવામાં આવે છે.














- ઇનોવેટરનું નામ:- ડો. સી.એમ.જોષી
- શાળાનું નામ:- સ.વ.પ્ર અધ્યાપન મંદિર
  તાલુકો :- વેરાવળ જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 9824164414


## Invention & Inventor

સામાન્ય રીતે વિદ્યાર્થીને વિજ્ઞાન વિષય હમેશાં અઘરો લાગતો હોય જે સહેલો બનાંવવા તેમજ તેમાં રસ રુચિ નિર્માણ કરવા આ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં શોધ અને શોધકની જે રસમય ઘટનાંની વિગતો એનસાઇક્લોપીડિયામાથી મેળવવામાં આવી છે.તેમજ તે અંગેનાં ફોટોગ્રાફ સંશોધક દ્વારા એકત્રિત કરવામાં આવ્યા છે.

- ઉપયોગીતા / આઉટકમ :
  - આ વિસ્તૃત વિજ્ઞાનનાં સંદર્ભો દ્વારા વિજ્ઞાનશિક્ષણ આપવાથી બાળકો રસમય રીતે પ્રવૃત થશે
  - વિજ્ઞાન વિષય પ્રત્યે બાળકો માં ભાવાત્મક અભિગમ વિકસિત થશે .
  - બાળકોમાં વિજ્ઞાન અંતર્ગત શોધખોળની વૃત્તિ ને વેગ આપી શકાશે.




- ઇનોવેટરનું નામ:-ભારતીબેન કાળુભાઇ જાદવ
- શાળાનું નામ:- મોડેલ સ્કૂલ ખાપટ
  તાલુકો :- ઉનાં. જીલ્લો :-ગીર સોમનાંથ
- મોબાઈલ નંબર :- 8980396938


## INTERACTIVE QUIZ


ગુજરાત રાજ્યનાં ગીર સોમનાંથ જિલ્લાનાં ઉનાં તાલુકામાં નાંનકડું એવું ગામ ખાપટ વિસ્તારમાં એક વર્ષ પહેલા જ બદલી થઈ શ્રી મોડેલ સ્કૂલ ખાપટમાં વિજ્ઞાન/ગણિતનાં શિક્ષક તરીકે માધ્યમિક વિભાગમાં ભારતીબેન જાદવ પોતાની ફરજ બજાવે છે. પોતાની શાળામાં ધોરણ 6 થી 12 સળંગ એકમ હોવાથી પોતે ધોરણ 9 અને 10 નાં બાળકો સાથે સાથે ધોરણ 6 થી 8 નાં બાળકોને પણ અભ્યાસ કરાવતા તેમણે જોયું કે કોરાનાં મહામારીની અસર હાલનાં સમયમાં પણ જોવા મળી રહી છે બાળકો ગુજરાત સરકારશ્રી દ્વારા લેવાતી શિષ્યવૃતિની પરીક્ષા ઉપરાંત પોતાનાં અભ્યાસમાં પણ ઓછો રસ દાખવતાં હતા.

એક દિવસ આ શિક્ષિકાને વિચાર આવ્યો કે બાળકો પોતાનાં અભ્યાસમાં આવતા વિષયો ઉપરાંત અન્ય વિષયોમાં પણ પારંગત થાય તેવો પ્રયાસ કરવો જોઈએ. આથી પોતે શાળા સમય દરમિયાન બાળકોને આવી કોઈ પરીક્ષા માટે સમય આપી શકે તેમ નથી,તો તેઓએ શાળા સમયનાં એક કલાક પહેલા બાળકોને બોલાવી વિવિધ વિષય શીખવાનાં શરૂ કર્યા


શિક્ષણ કાર્ય દરમિયાન લેવામાં આવતી મૂલ્યાંકન ટેસ્ટ તપાસવામાં સમય પણ વધારે માંગી લે છે અને બાળકો પણ ટેસ્ટ આપવામાં નિરસતા દાખવતાં હોય છે આ સમસ્યાનું નિવારણ કરવા તથા બાળકો રસ પૂર્વક કસોટી આપે આથી તેઓએ એડ્યુટર એપ ઉપર પોતાની ઇ-ક્વિઝનું નિર્માણ કરી બાળકોને શેર કરતાં આ શિક્ષક દ્વારા શિષ્યવૃતિની પરીક્ષા જેવી કે PSE,SSE,NMMS,પ્રખરતા શોધ કસોટી,દિન વિશેષ અને પોતાનાં વિષય જેવા કે ગણિત/વિજ્ઞાન સમયાંતરે ક્વિઝનું નિર્માણ કરી બાળકોને પોતાની શાળાની પરીક્ષા ઉપરાંત અન્ય પરીક્ષામાં પણ રસ દાખવતા કર્યા છે. હાલ આ શિક્ષિકા 287 + ઇ-ક્વિઝનું નિર્માણ કરી ચૂક્યા છે.

આ શિક્ષિકા દ્વારા બનાંવેલ ટેસ્ટ ખાપટ ગામની શાળા ઉપરાંત આજુબાજુનાં ગામોની.તાલુકાની શાળાઓ ઉપરાંત ગુજરાત રાજ્યનાં અલગ-અલગ જિલ્લાની વિવિધ સરકારી,ગ્રાન્ટ ઇન એડ શાળાઓ અને પ્રાઈવેટ શાળાઓનાં વિદ્યાર્થિઓએ આમાં ભાગ લીધેલ છે બાળકો ગમે ત્યારે ગમે તે સમયે આ ઇ-ક્વિઝ આપી શકતા હોવાથી વિધાર્થિને કોઈ મુશ્કેલી પડતી

નથી પોતાનું મૂલ્યાંકન જાતે કરી શકે અને આગામી ટેસ્ટ માટે પોતાનાં સ્કોર સુધારવા વધુ મહેનત કરવા માંડે છે.







State Examination Board

Secondary Scholarship Exam 2022-23 Rural Merit List

| Sr.No. | ConfNo | RollNo | Name | SchoolInstName | E.District | E.Taluka | P1 | P2 | Total | Rank |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 663 | 9226643 | 4518198 | AYUSH MANASINGBHAI CHAVADA | KRUPALU VINAY MANDIR PRASLI | GIR SOMNATH | SUTRAPADA | 55 | 78 | 133 | 2 |
| 664 | 9203475 | 4518294 | RIDDHI MASARIBHAI VAJA | SHREE MODEL SCHOOL GORAKHMADHI | GIR SOMNATH | SUTRAPADA | 67 | 65 | 132 | 3 |
| 665 | 9242648 | 4518232 | JANVIBA VIKRAMSINH RATHOD | KRUPALU VINAY MANDIR PRASLI | GIR SOMNATH | SUTRAPADA | 63 | 67 | 130 | 4 |
| 666 | 9258217 | 4518235 | JIGISHA SURSINH ZALA | MADHYAMIK SHALA VADODARA(ZALA) | GIR SOMNATH | SUTRAPADA | 60 | 69 | 129 | 5 |
| 667 | 9255721 | 4518250 | MAHEK KANJI PARMAR | RMSA SEC SCHOOL RAKHEJ | GIR SOMNATH | SUTRAPADA | 54 | 74 | 128 | 6 |
| 668 | 9209726 | 4518379 | SHUBHAM ANANDKUMAR BHATT | SHREE D.M.BARAD SEC & HIGH SEC. | GIR SOMNATH | TALALA | 72 | 90 | 162 | 1 |
| 669 | 9230124 | 4518347 | HINALI RASIKBHAI JETHAVA | SMT RAJIBEN D BARAD KANYA HIGH SCHL | GIR SOMNATH | TALALA | 79 | 78 | 157 | 2 |
| 670 | 9230062 | 4518348 | ISHABEN DEVAYATBHAI VALA | SMT RAJIBEN D BARAD KANYA HIGH SCHL | GIR SOMNATH | TALALA | 62 | 84 | 146 | 3 |
| 671 | 9227874 | 4518392 | YUG UKABHAI BARAD | SHREE D.M.BARAD SEC & HIGH SEC. | GIR SOMNATH | TALALA | 66 | 78 | 144 | 4 |
| 672 | 9227983 | 4518373 | PRUTHVI MAYURBHAI PAMPANIYA | SHREE D.M.BARAD SEC & HIGH SEC. | GIR SOMNATH | TALALA | 64 | 77 | 141 | 5 |
| 673 | 9227858 | 4518380 | SHYAM DEVANANDBHAI RAM | SHREE D.M.BARAD SEC & HIGH SEC. | GIR SOMNATH | TALALA | 68 | 71 | 139 | 6 |
| 674 | 9239269 | 4518501 | PINJALBEN HARIBHAI VADHEL | SHREE MODEL SCHOOL KHAPAT | GIR SOMNATH | UNA | 59 | 80 | 139 | 1 |
| 675 | 9240148 | 4518434 | GUNJAN SATISH UNEVAL | SHREE MODEL SCHOOL KHAPAT | GIR SOMNATH | UNA | 63 | 73 | 136 | 2 |
| 676 | 9222947 | 4518509 | RASMITA KANTIBHAI KALASARIYA | SHREE MADHYAMIK SHALA-SIMAR | GIR SOMNATH | UNA | 59 | 76 | 135 | 3 |
| 677 | 9224665 | 4518493 | NIRALI HARESHBHAI PARMAR | GRAM PANCHAYAT HIGH SCHOOL-SAMTER | GIR SOMNATH | UNA | 67 | 67 | 134 | 4 |
| 678 | 9257270 | 4518475 | LAXMI RAMESHBHAI CHANDORA | RMSA SEC-SCHOOL VAVRDA | GIR SOMNATH | UNA | 59 | 72 | 131 | 5 |
| 679 | 9221768 | 4518539 | VANRAJ CHINUBHAI BHALIYA | GOVT. SECONDARY SCHOOL GARAL | GIR SOMNATH | UNA | 61 | 69 | 130 | 6 |
| 680 | 9221197 | 4518489 | NEHABEN PANCHABHAI VINZUDA | GOV SEC-SCHOOL CHACHAKVAD | GIR SOMNATH | UNA | 61 | 67 | 128 | 7 |
| 681 | 9247191 | 4518432 | GEETA RANSIBHAI BAMBHANIYA | SHREE MODEL SCHOOL KHAPAT | GIR SOMNATH | UNA | 63 | 60 | 123 | 8 |
| 682 | 9221980 | 4518431 | FATAMA MUSABHAI MANDHARA | GOV SEC-SCHOOL CHACHAKVAD | GIR SOMNATH | UNA | 43 | 77 | 120 | 9 |
| 683 | 9203183 | 4518455 | JIYA RAMESH SANKHAT | SHREE MADHYAMIK SHALA-SIMAR | GIR SOMNATH | UNA | 68 | 48 | 116 | 10 |
| 684 | 9258817 | 4518651 | NAIMISHABEN RAMESHBHAI PARMAR | LATE.V.P. ZALA SECON SCHL | GIR SOMNATH | VERAVAL | 73 | 85 | 158 | 1 |
| 685 | 9236983 | 4518584 | DHRUVIT SANJAYBHAI DODIYA | SHREE MODEL SCHOOL - INAJ | GIR SOMNATH | VERAVAL | 70 | 86 | 156 | 2 |
| | 9235554 | 4518600 | HIMANI VANRAJBHAI VALA | SHRI GNANDEEP VIDHAMANDIR -HI SCHL | GIR SOMNATH | VERAVAL | 73 | 82 | 155 | [illegible] |

Page 30 of 66




# રાજય કક્ષા અને જિલ્લા કક્ષનો ઇનોવેશન ફેસ્ટીવલ
# વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩ – ટીમ ગીર સોમનાથ

















